નવીન.

સીવ કાત્યાયિની નાટક

રચનાર

રામચંદ્ર જયશંકર રહેવાશી વ્યારા

તાલુકે ડભોઈ પ્રાંત વડોદરા

તથા મગનલાલ બાપુજી રહેવાશી ડભોઈ

ઠે. ઘાંચીઓળમાં પ્રાંત વડોદરા

છપાવી પ્રસીદ્ધ કર્તા

હરીનારાયણ મંછારામ રહેવાસી પાદરા પ્રાંત વડોદરા

ઠે. કંન્યાશાળા સ્કુલ નજીક

મનહર પ્રીન્ટીંગ પ્રેસ—પાનકોનાનાકે અમદાવાદ

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કીમત ૦-૩-૦

પ્રસ્તાવના.

શ્રી અંબીકાજી સત્ય છે.

પ્રિય વાહાલા ગૃહસ્થો તથા આત્મબંધુઓ, આ શીવકાત્યાયીની નામનું નવીન નાટય મારી અલ્પ મતિ પ્રમાણે ખાસ દેશની સેવા બજાવવા તથા ઐહિકને પારલૌકીક સુખની પ્રાપ્તીને માટે તેમજ ઇશ્વરની પૂર્ણ કૃપાથી મેં પ્રગટ કર્યું છે જેમાં દેહાભિમાન રાખવાથી શું શું માઠાં ફલ થાય છે તે વિશેનો આબેહુબ ચિતાર દર્શાવવામાં આવ્યો છે. તો મારા વહાલા બંધુઓ આપણું શું મુખ્ય કર્ત્તવ્ય છે તથા આપણે ક્યાંથી આવીને કયાં જવું છે વગેરે દરેક બાબતો આ પુસ્તકથી બરોબર છાપ પડે તેમ સમજાય છે. જેથી દરેક ગૃહસ્થોએ મુખ્ય બાબત એટલીજ છે કે, જો આપણું શ્રેય ધારવા ચહાતા હો તો પ્રથમ અભિમાનને પહેલો હણીને તેનો શિરચ્છેદ કરો. વહાલા બંધુઓ. હણવાનું એટલે નાસ કરવાનું નહી. પણ એ દુસ્મનને વસ કરીને રાખો કે જેથી આપણને અન્ય પીડા કરે નહી. વીગેરે તમામ બાબતો આ નાટકથી સારો લાભ આપે છે. તેમજ દરેક મનુષ્યે રજો તેમજ તમો ગુણથી દુર રહી સાત્વીકેના સંગ્રહ કરીને તે પ્રમાણે વર્તવું. જેથી કરીને ધર્મ અર્થ કામ ને મોક્ષ સંપાદન થઈ આ ભવમાં તેમજ પરભવમાં સુખી અવસ્થાને પોતાની પ્રાપ્ત થવાય છે એ નકી સમજવા જેવું છે.

બીજું કોઇ પણ આદમીના એકદમ ગુણ જણાતા નથી પરંતુ જ્યારે તેનો કેટલાક દિવસ સહેવાસ થાય છે. ત્યારેજ તેના ખરા ગુણની ગણનાં થઈ સકે છે. માટે એકદમ સાહસ પણે ન વર્તતાં તેના ખરા ગુણો ગ્રહણ કરવા ને ત્યાર પછીથી તેના ઉપર વીશ્વાસ

રાખી પોતાના અર્થ કરવા. જેથી કરીને તે તેમજ આપણે સર્વે સુખી થઇએ. આ પુસ્તકમાં વધારે પણ કોઇ જાતનું ટાયલું કર્યું નથી ફક્ત શાસ્ત્ર પ્રમાણેજ તમામ આધારથી મારી મતી પ્રમાણે બનાવી આ પુજ્ય સ્વદેશી આત્મબંધુઓ આગલ પ્રદર્શિત કર્યું છે. તે આપ વખતે કાંઇ પણ ભુલચુક હોય તો. તેનો અક્ષેપ નહી કરતાં આ નાટકને અંતઃકરણ પૂર્વક સર્વે ભાઇઓ વધાવી લેશો. એવી મારી પ્રાર્થના પૂર્વક અરજ છે.

આ નાટકમાં વિશેષ ઉંડા ઉતરીને તપાસ કરશો. તોજ એની ખરી રચના જોવામાં આવશે. ઘણા પુસ્તકો તેમજ અન્ય નાટકોમાં શ્રારસ વીગેરે અન્ય લીલાઓ મુકે છે. જેથી દરેકનાં મન તે તરફ ખેંચાય છે પરંતુ તેથી વિશેષ મેં ઇશ્વરલીલાનું દીગ્દર્શન સંપૂર્ણ પણે અત્રે દર્શાવ્યું છે. અને આપ સર્વે ભાઇઓનું અન્ય સંસારો બાબતો કરતાં ઇશ્વર પ્રત્યે વધારે વલણ થયું છે. જેથી આપણને આ પુસ્તક વિશેષ પ્યારૂં લાગશે નહી વાંચવા સબંધથી તેનો અ-ભાવો થનાર નથી એમ ધારી સકુંછું.

વિશેષમાં હું ટુંકામાં એટલુંજ દર્શાવુંછું કે આ પુસ્તક જો અંતઃકરણથી વાંચી એનો સારાંસ ગ્રહણ કરે તો જે આ ચોરાશી લક્ષ યોનીમાં અવતાર ગૃહણ કરવો પડે છે. તેમાંથી મુક્ત થઇ એક દુનીયામાં નામાંક્તિ તેમજ ઉચ્ચે દરજ્જે ચઢી આ લોકમાં તેમજ પરલોકમાં વખણાઇને જે આ ટુંકી મુસાફરીમાં દિવસો નિર્ગમન કરે છે તેમાંથી મુક્ત થઈ ઇશ્વરના ચરણાવિંદમાં હાજર થવાય છે એવો શક્તિમાન થાય છે. આ પુસ્તક એટલે નાટકના અગાઉથી ઘણા ગ્રાહકો થાય છે ને હજુ થવા ઘણા લોકો ઉત્કંઠા ધરાવે છે. જેથી ખાસ કરીને વિનંતિ એટલીજ ગુજારવાની કે સર્વે

જે ભાઇઓના આ વાર્તા જાણવામાં આવે તેમ આ નાટકના ગ્રાહક થશો. આ નાટકની કીંમત વીશેશ રાખવામાં આવી નથી. તેમ મેં કાંઇ નફાને માટે પ્રગટ કરી નથી. ફક્ત આત્મબંધુઓનું બીજી બાબતનું જે વલણ થયું હોય ને નકામા કીમત વગરના અફલાતા હોય તેમાંથી મુક્ત થઇ સારે દરજજે ચઢી ઇશ્વરને બરોબર ઓલખે તેમ થવાય છે. જેથી બરોબર અધ્યયન કરી જીવને સિવરૂપમાં આંણી અંતે ધર્મ, અર્થ કામને સાધ્ય કરી મોક્ષને પ્રાપ્ત કરવાને શક્તિમાન થવાય છે. જેથી તાકીદથી આ પુસ્તક રૂપી નાટકને એક મતથી વધાવી લેશો એવી ઉત્કંઠા છે એજ અસ્તુ શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ શુભંભવતું

અર્પણપત્રિકા.

શ્રી સકલ સદ્‌ગુણાલંકૃત; બ્રહ્મવિ દ્યોત્તેજક સુભક્તરાજ શીરો-મણી, પરમદાનેશ્વરી પરમશ્રદ્ધાળુ, ધર્મધુરંધર, દયા ક્ષમા સંતસમાગમના ઉત્સાહી દીર્ઘાયુષિ **પટેલ શ્રી નાથાભાઇ અંબાઇદાસની સેવામાં**

મુ. વ્યારા. તાલુકે ડભોઇ ધનામી.

શ્રી આપ અત્રેના સ્વધર્મ યોજક બ્રાહ્મણોના પ્રમુખ સ્વરૂપે આ નગરની સદ્‌કિર્તિના સ્તંભ છો. પરમપુજ્ય પીતા અને વૃદ્ધ પ્રપીતાના કુલ ઉદ્ધારક સુપુત્ર છો. સ્વદેશ શેવાના ઉત્સાહી સ્વધર્મ બ્રહ્મવિદ્યાના ઉત્તેજક બ્રહ્મનિષ્ટા બ્રહ્મવેતા પરમ આશીર્વાદ યોગ્ય ઉદારતા રૂપી સુગંધીને ધારણ કર્ત્તા પદ્મ (કલમ) સમાન છો. દ્વીજાતી ભક્તસજ્જન-ના ત્રિવીધી તાપોપ સમનાર્થ ભુચંદ્રામૃત રશ્મિને ધારણ કર્તા અને અજ્ઞાન આવર્ણ સ્વપ્નાભાસનો વિલયપ કરવા બોધ ઉદારતાના દાતાર તથા મીથ્યા કલ્પીત જગદાભાસ અવિચારો દધીથા તારણહાર આપજ નૌકારૂપ શ્રેષ્ટ સદ્પુરૂષ છો. આપશ્રીને બ્રાહ્મણ તેમજ મહાત્મા અંત પુરૂષોના પ્રેમ પ્રસાદના યોગ્ય શ્રેષ્ટાધિકારી જાણી અત્રેના બ્રાહ્મણ રામચંદ્ર જેભાઇની રચેલી દેશોન્નતિ અને સ્વધર્મોન્નતિ તથા બ્રહ્મજ્ઞાન પ્રકાસ ભક્તિ અનુગૃહ કર આ સીવકાત્યાયીની નામનું નાટક ના અમૃતરસનો અનુભવ લેવા તેના અખંડ પ્રસાર સાથે આપનુ આ પુસ્તક સાથે ચીરંજીવી ઉપનામ જોડી હું પોતાને કૃતાર્થ માનું છું કે વ્યવહાર પરમાર્થ ઉભય સિદ્ધી આ નાટક સ્વીકારવાથી સધાશે એજ તથાસ્તુ વિજ્ઞપ્તિ.

વ્યારા.	લી. આપનો સદાનો આભારી.
	મગનલાલ બાપુજીના આશીર્વાદ
મીતી ભાદરવા શુદી ૧ સં. ૧૯૫૪	મુ. વ્યારા તાલુકે ડભોઇ-થી પાંચગા

શીવ કાત્યાર્યીની નાટક.

अक पहेलो

मंगला चरण.

સર્વ પાત્રો. ગજાનનની સ્તુતિ (રાગ) કલ્યાણ.

શ્રી ગણુપતિ, અમો વંદીએ અતિ;
આપને અરજ કરૂં, સુધારો મુજ મતિ.
શંકરનાએ પુત્ર કહીએ, વિઘ્ન વિનાયક દેવ;
ગણુપતિ તમ નામ, કહાવે, પ્રથમ કરૂં હું સેવ. શ્રી ગણુપતિ
સિદ્ધી બુદ્ધિ નારી સોહીએ, ચાર ભુજાધારી;
ઉમીયા આપની માતા કહાવે, મુશકની સ્વારી. શ્રી ગણુપતિ
પહેલા હસ્તમાં જળ કમંડલ, બીજે ઝાલી માળ;
ત્રીજા હાથે ફરશી ઝાલી, ચોથે મોદીક સાર. શ્રી ગણુપતિ
આપણી હું સ્તુતિ ગાવું, ઇચ્છા એવી થાય;
તમ કૃપા મુજ ઉપર થાશે; ગ્રંથ પુરણુ થાય. શ્રી ગણુપતિ

(રાગ) ઠેકો.

હે ગજાનન ગુણુગાઉં, તુજ કૃપાથી ગ્રંથ બનાવુ. હે ગજાનન.
અલ્પ બુદ્ધિ મારી જે છે, તમ ચરણુમાં ચીત રહે છે.
વિનયથી પ્રસન્ન હું તો થાઉં.—હે ગજાનન.
શિવ સતિનું ચરિત્ર જે છે, તુજ ગુણુ ગાઇ ખુશી રહે છે;
માટે ગ્રંથ હું પુરણુ બનાવું—હે ગજાનન

સર્વે પાત્રા સ્તુતિ કરે છે.

શ્રી નમું હું શીરજા પતિને, ધી હસ્ત જોડી;
વાણી શુદ્ધ આપો મુજને, મતિ છેક થોડી.
નવલેશ સમજુ પણ તુજરે કૃપાથી;
તુજ રૂપ ગુણુની સીમા નથીરે મપાતી.
વહારે ચઢો તેમ વિશ્વ તણાજ ધાતા,
ગુણુ શું તારા કૃત્યા નથીજ જાતા.
જયાં આવી બેશું તુજ માળાજ ન્યાંતી,
તુજ રૂપ ગુણુની સીમા નથીરે મપાતી.

સુત્રધાર. (ગીતિ.)

સુત્રધાર તો કહે છે, નટી ન આવી હજુ સુધી આંહી.
નટી—આ હું આવી સ્વામી, તમ શરણુમાં રહું શીસ નામી.
સુત્રધાર—અહા! પ્રભુ; તારી શી ગહન ગતિ ન્યારી છે કે સાંભળતા વારમાંજ નટી આવી હાજર થઇ.
નટી—અહો પ્રાણુનાથ આપની શી આજ્ઞા છે તે આપ કૃપા કરીને આ દાસીને કહેશો.
સુત્રધાર—પ્રાણુ પ્યારી, મારો એવો વિચાર થયો છે કે તમોને મેં એક વખત શીવ સતિનું ચરિત્ર જે આ સર્વે સભાજનો બેઠેલા છે. તેઓને આ વિષેનું ચરિત્ર ભજવી બતાવવામાં તમારો શો અભિપ્રાયછે
નટી—પ્રાણેશ્વર આપની મારા ઉપર જેવી આજ્ઞા ?

સુત્રધાર—તો હવે સભાજનોનું મનરંજનકરો વાર લગાડશો નહિ.

નટી. (ફેરબો)

સુણો સુણો સ્વામીનાથ, તમે વાત મારીરે;
તમે વાત મારીરે, તમે વાત મારીરે; સુણો
શીવ સતિનું ચરિત્ર ગાવું, સુણજો એકે મન;
પ્રભુ કૃપાથી ભજવી બતાવું, નવ થાએ વિઘંન. સુણો
ભુલ ચુકથી નમી હું આઉંછું ન દેશો કોઇ ખોડ;
એક વાર સૌ સાથે બોલો, જય જય શ્રી રણછોડ. સુણો.

મહાદેવજી (વાર્તા.)

એક દિવસે શંકર તથા પાર્વતી બ્રહ્મ લોકમાં પોતાના પીતાને ત્યાં (કાત્યાયીનીના પીતાને ત્યાં) ગયા ત્યાં આગળ દક્ષ પ્રજાપતિ પોતે સભાની અંદર બેઠા હતા. ત્યાં આગળ શ્રી મહાદેવજી આવીને બીરાજમાન થયા પણ શંકરે દક્ષપ્રજાપતિને પોતાનું શીશ નમાવ્યું નહિં.

દક્ષ પ્રજાપતિ—જે વખતે શંકરે શીશ નમાવ્યું નહીં તે વખતે દક્ષ પ્રજાપતિને મહા ક્રોધ ઉત્પન્ન થયો. અરે ? મહાદેવે મને શીશ નમાવ્યું નહી માટે હું મારા જામાત્ર ધારી જવા દઉં છું નહીં તો ઘટતી શિક્ષા કરત. એટલે શંકર તથા કાત્યાયીની બંને કૈલાસમાં પધાર્યા.

દક્ષ પ્રજાપતિ   ગીતિ.

અનુચર તૈયાર થાઓ, ભ્રગુરૂષીને મારી પાસે લાવો;
વિલંબ ન કરશો જાજો, સીદ્ધથી રૂષિને અહીંયાં બોલાવો.

ભ્રગુરૂષિ.

અરે દક્ષ પ્રજા પતિ ? તમોએ મને શા માટે બોલાવ્યો. માટે હવે આપના મનના જેજે વિચારો હોયતે નિવેદન કરો તે પ્રમાણે હું ફરજ બજાવવા તૈયાર છું.

દક્ષ પ્રજા પતિ   (સિંહાનો કનરો.)

રૂષિમારા પુછું છું, હું તમને, યજ્ઞ મુહુરત જોઇ આપોની અમને. રૂષિ
સારૂં તે જોઇને મહુર્ત આપો, મનની ચીંતા મારી સૌ કાપો. રૂષી મારા
વળતા રૂષી વચન વદે છે, રાજા એક ચીતે ધ્યાન ધરે છે. રૂષિ મારા

ભ્રગુરૂષિ—હે દક્ષ પ્રજા પતિ ! જો તમારી યજ્ઞ કરવાની ઇચ્છા છે તો હું મુહુર્ત આપું છું તે પ્રમાણે સર્વ દેશે દેશના રાજાઓ, રૂષિ, મુની વીગેરેને પત્રીકાઓ લખજો પછી રાજાએ તેમના કેહેવા પ્રમાણે તમામને પત્રિકાઓ લખી યજ્ઞની ખબર આપી, પરંતુ શંકરને ત્યાં કોઇ પણ પ્રકારથી ખબર આપી નહિ પછી યજ્ઞમાં જે જે દેવોનું આ વાહન કરવાનું હતું તે પ્રમાણે સૌનાં ઘટતાં સ્થાપન કર્યા ને સર્વ દેવોને આસન આપ્યાં, પરંતુ મહાદેવના રૂદ્રકલસનું સ્થાપન કર્યુ નહીં.

દેવોની સ્ત્રીઓ—તમામ દેવોની સ્ત્રીઓ વેમાનમાં બેશી યજ્ઞમાં જાય છે તે વખતે કાત્યાયીની કૈલાસમાં બેઠેલાં છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ— શ્રી મહાદેવજીનો કૈલાસ.

પાત્રો, કાત્યાયીની, નારદ તથા મહાદેવજી વગેરે.

કાત્યાયીની કૈલાસમાં બેઠાં છે એટલામાં બ્રહ્માના પુત્ર નારદ રૂષી કૈલાસમાં પધાર્યા એટલે કાત્યાયીની એ ઉઠીને પોતે હાથ જોડીને આસન આપ્યું કે પધારો રૂષિરાજ.

નારદ—જેવી માતુશ્રીની આજ્ઞા.

કાત્યાયીની—હે મહારાજ આ વખતે આ તમામ દેવની સ્ત્રીઓ ક્યાં પધારે છે તે કૃપા કરીને કહો.

નારદ—અહો કાત્યાયીની, હું તમોને સર્વે હકીકત કહું છું તે સવણ કરે

(ગરબી.)

નારદજી તો કહેવા લાગ્યા, સાંભળ કાત્યાયીની માતજી.
સાચે સાચું તમોને કહું છું, ધ્યાનમાં ઉતારો સાક્ષાત.
સાંભળો સતીજી.
તમ પીતા તો યજ્ઞ કરેછે, સૌ દેવને ત્યાંતો તેડાવ્યાજી;
શંકર વીના સૌને તેડાવ્યા મારા મનમાં ન ફાવ્યા.
સાંભળો સતીજી.
એમ કહીને નારદ ચાલ્યા, ગયા છે બ્રહ્મલોક માંયજી;
સતીને ઘણો ક્રોધજ પ્રગટયો, મનમાં ઘણું મુઝાય.
સાંભળો સતીજી.

કાત્યાયીની—મહાદેવજી પ્રત્યે હરખાઇને કહેવા લાગ્યાં કે
માહારાજ મારા પીતાને ત્યાં યજ્ઞમાં જવાની મને
રજા આપો.

મહાદેવ. (ગીતી.)

એવું સાંભળી શંકર કહે છે, સાંભળ કાત્યાયીની વાત મારી.
યજ્ઞમાં નથી જાઉં, ત્યાં વીઘ્ન થશે કાંઇક ભારી.

માટે હે :સતી, હું તમોને જે કહું છે તે સાંભળો તમારા પીતાએ રૂદ્રનું સ્થાપન કાઢી નાખવા માટે યજ્ઞ આરંભ્યો છે માટે આમંત્રણ વગર કેવી રીતે જવાય અને ન જવું એ આપણું ભુષણ છે કારણ કે જશો તો કાંઇ પણ વિઘ્ન થશે.

કાત્યાયની (ગીતિ)

એવાં શીવનાં સુણી વચન, સતિ મુખત્યાં બોલ્યાં વાણી
આપો આજ્ઞા સ્વામી, નમ્રથી હું કહું છું સુલ પાણી

કાત્યાયીની (મને ભુલી ગયો છે મારો છેલરડો.)

સ્વામી આજ્ઞા આપોની હું કહુંરે.
તમ ચરણની સેવામાં સદા રહું. મારારાજ સ્વામી.

મહાદેવ—વણુ તેડે કોઇને ત્યાંતો ન જાઉરે.
ગયા પછીથી ઘણું થશે પસ્તાવું મારીનાર. રજાન

કાત્યાયીની—મારા પીયેર વડે છું હુંતો પનોતીરે
યજ્ઞ આવો કરશે હું નોતી જાણતી મારારાજ સ્વામી

મહાદેવ—નથી આમંત્રણ આપણે સુંદરીરે
માટે વાતતો ઉતારો જરા ધ્યાન ધરી મારીનાર.રતન

કાત્યાચની—કદી ભુલ થઇ હોય પીતા તણીરે
માટે દોષ ન ગણુસો જુવોને જરી મારારાજ સ્વામી

કાત્યાયીનીનો ઘણો કરેલો કલપાંત જોઇને મહાદેવજી એ કહયું કે અરે સતી તમારે જવાની મરજી છે તો સુખે પધારો તમારીસાથે આપણા જે ગણો છે તે લઇને જાવ.

કાત્યાયીની—જેવી આપની આજ્ઞા; પોતાની સખીઓ લઇને
કાત્યાયીની જાય છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ. યજ્ઞ આરંભ

પાત્રો પારવતી સખીઓ.

કાત્યાયીની. રાગ બનઝારો.

સ્વામી આજ્ઞા શીષ ચઢાવું, તાત ઘેર જઇને હું આવું.
ત્યાં જઇને સુખ પામીશું, ચાર દીવસ ત્યાં તો રહીશું.
તમ કહેવા પ્રમાણે ઉઠાવું, તાત ઘેર જઇને હું આવું.
લીધા નંદી ભ્રંગી ગણ સાથે, એવે ચાલ્યા કાત્યાયીની માત
માટે પીયર જઇને સુખી થાઉ. તાત ઘેર જઇને હું આવું
પીતા ઘેર આવીઆ જ્યારે,રૂદ્રનું સ્થાપન ન દીઠું ત્યારે.
થયું મનમાં ઘણું મુઝાવું, તાત ઘેર જઇને હું આવું.
હે બેહેન સખીઓ જુલમ, જુલમ, જુલમ કારણ કે મારા

પીતા મને જરા પણ બોલાવતા નથી તેમ માતુશ્રી પણ મને બોલાવતાં નથી. તેમ શીવનું રૂદ્ર સ્થાપન મારા જોવામાં આવેલું નથી. અરે પ્રભુ હું શંકરને મારૂ મુખારવીંદ શું બતાવીસ માટે આના કરતાં મરવું શ્રેષ્ટ છે.

કાત્યાયીની (ગીતી)

કાત્યાયીની આવ્યા જ્યારે, પણ પીતાએ નવ બોલાવ્યા.
ક્રોધ સતીને ચઢીઓ, ઝટ અગ્ની કુંડમાં ઝંપાવ્યાં.

આ ઉપરથી કાત્યાયીનીએ ક્રોધાયમાન થઇને કુંડમાં પડી દેહને ત્યાગ કર્યો. એથી કરીને પોતાના જે ગણો નંદી, તથા ભ્રંગી, એ બેઉ ગણ ત્યાંથી નાઠા અને દોડતા દોડતા એકદમ શ્વાસો શ્વાસ ખાતા કૈલાસમાં શીવજી પાસે આવી પહોંચ્યા. ને સર્વે ખબર કહી આથી કરીને શંકરને મુર્છા આવીને પૃથ્વી ઉપર પડયા. થોડીવારે મહાદેવના ગણોએ બેઠા કર્યા ને કહયું કે તમો કલ્પાંત કરોછો તેથી અમારી ધીરજ રહેતી નથી.

મહાદેવ. (ભુલી ભમે છે ભામીની.)

શંકરે ખબર જાણીને, કરવા માંડયું રૂદન,
હે સતી તમારા કારણે, પડશે મહારૂં તન.
ત્રિયા ન મરશો કોઇની
ઘણુંએ મેં તુજને કહયું, માન્યુ કહયું તે નહીંનાર.
જન્મારો માહરો છુટી પડયો, એળે ગયો અવતાર.
ત્રિયા ન મરશો કોઇની

ઘણું એ પ્રીયા મેં તુને કહયું, ધર્યું તે નહી ધ્યાન.
હવે હું તો શોચું ઘણો, ભુલું દેહનું ભાન,

ત્રિયા ન મરશો કોઇની

સતી મરતાં મારૂ સૌ ગયું; ભાગ્યુ છે ઘરસુત્ર.
કરમે લખ્યું હશે મારૂરે, નથી એકેરે પુત્ર.

ત્રિયા ન મરશો કોઇની

મહાદેવ---અરેરે હાય, હવે હું જીવીને શું કરૂં, અરે સતી.
મેં તમોને પ્રથમ ઘણું કહ્યું પણ તમોએ લેશ માત્ર માન્યું નહીં. કારણ કહેવત છે કે સ્ત્રી હઠ, બાળ હઠ, જોગી હઠ, ને રાજ હઠ એ પ્રકારે ચાર હઠછે તેમાં આપે સ્ત્રી હઠ કરી પોતાના દેહનો નાશ કર્યો.

પરંતુ હે વાચક વૃંદો આ બાબતમાં શંકરે વિલાપ ખાસ મનુષ્ય લીલા બતાવવા માટે કર્યો છે. કારણ કે એમને શોક કે મોહ કાંઇ નથી એતો અજન્માનો લોકા છે.

અને મહાદેવ પોતાના ગણો પ્રત્યે કહેવા લાગ્યા કે.

(ગીતિ)

નંદી ભૃંગી તૈયાર થાઓ, ગણ લઇને સંઘાતે;
દક્ષનું મુસ્તક કાપો, જઇને તમારા હાથે.

નંદી ભૃંગી ગણો. (ક્ષત્રી કલંક)

થાઓ તમે સૌ તૈયાર, દક્ષનું મુસ્તક કાપી નાખોરે
માટે નવ કરશો વિચાર. ,,
સતિ મરતાં નવ લાગીવાર ,,

ખરેખરૂ કહુંછું નીરધાર ”
એ પાપીને મારો આ ઠાર ”
ત્યારે ન કરશો કાંઇ વાર ”
દક્ષે મારા માટે ન કર્યો વિચાર ”
જાઓ જાઓને આ વાર ”

પ્રવેશ ૪ થો.

પાત્રો, રૂષિ લોકો, રાજાઓ, ગણો, વિગેરે,

(સ્થળ) દક્ષ પ્રજા પતિના યજ્ઞનો દેખાવ.

પ્રતિહાર—શ્રીમદ્ બ્રહ્મલોક નિવાસી રાજા ધીરાજ પ્રતિપાલક દક્ષ પ્રજાપતિની સ્વારીયે ઘણી ખમા, નીઘા રખો મહેરબાન.

ગણો—હે દુષ્ટ દક્ષ પજાપતિ તું જલદી યુદ્ધ કરવા સારૂં તું અમારા સામો થઇ જા અને હવે તું ઝાઝીવાર લગાડીશ નહીં. કારણ કે તારૂં મૃત્યુ આવ્યું છે એટલે હવે ઉગરવાનો નથી.

(ક્ષત્રી કલંક.)

થાની રાજા તું તૈયાર હવે તો તારૂં આવી પહોચ્યુંરે
યુદ્ધની નવ લગાડીશ વાર ”
શંકરના હુકમથી આજ ”
નથી રહેવાની તારી લાજ ”
સતી મરતાં ગયું સૌ કાજ ”

ધીક્કુ ધીક્કુ તુજને ન આવી લાજ,,
તારા મુસ્તકનો કરવો છે હોમ. ,,
ધડ રઝળશે પૃથ્વી ભોમ ,,

આ પ્રમાણે સામા સામી વાદ વીવાદ કરતાં મહા ઘોર યુદ્ધ મંડયું. બંને શાસ્ત્ર વિદ્યાએ, તથા બાળ વિદ્યાએ બરોબર ઉતર્યા પરંતુ મહાદેવના ગણોએ ઘેરો ઘાલીને રાજાનું મસ્તક છેદી નાંખી અગ્નિ કુંડમાં હોમ કર્યો. એટલે યજ્ઞનું કામ બંધ રહ્યું. ત્યાંથી વિરભદ્ર પોતાના ગણો લઇ શંકરને કૈલાસમાં આવ્યાને દક્ષ પ્રજા પતિના મરણની હકીકત કહી સંભળાવી. જેથી શંકર વાત સાંભળી હર્ષીત થયા.

દાક્ષયણી તથા દાસીઓ } (લલીત)

અરર હાયરે શું હવે કરૂં, તમ વિયોગથી હું ઝુરી મરૂં;
ન આવી દયા, તમને નાથજી,
મુકી ન જાઓ અમને કંથજી.
ધીરજ તો હવે શી રીતે ધરૂં,
તમ વિયોગથી હું ઝુરી મરૂં.

જે વખતે દાક્ષાયણીએ ઘણાં કલ્પાંત સાથે રૂદન કરવા માંડયું તે વખતે તમામ દેવો પણ શોકાયમાન થયા. ને રાણીને ધીરજ આપી, ને કહ્યું કે તમો કલ્પાંત કરશો નહીં. અમે શંકર પાસે જઇને અમારા બનતા પ્રયાસે સજીવન

કરાવીશું જેથી શાન્ત થાઓ એમ કહીને બ્રહ્મા તથા વિષ્ણું તેમજ ઇંદ્ર ચંદ્ર વગેરે દેવો મહાદેવજી પાસે આવ્યા મહાદેવજીએ તેમનો આદર સત્કાર કરીને બેસાડયા ત્યાર બાદ દેવોએ તમામ હકીકત કહીને સ્તુતિ કરવા માંડી.

(त्वमेव माता पिता:त्वमेव ।)

અહો શંભુ તમો માત, પીતા બંધુ, સખા તેમજ વિદ્યા રૂપ છો ? જેથી દેવ માત્ર તમામ આપના શરણે છે. તેમ દેવના દેવ પણ તમારા સ્વાધીન છે. માટે હે કૃપાનીધી આ સ્તુતિ ધ્યાનમાં ઉતારો એવી અમારી વિનંતી છે !

नागेद्रहाराय:

આપના શરીર કંઠમાં મોટા મોટા વ્યાલ ભુરીંગ મણીધર સર્પના હારો આવી રહ્યા છે તેમ ત્રિલોચન પણ આવી બિરાજ્યાં છે. તેમજ મુસ્તક ઉપર ગંગા બિરાજમાન થએલાં છે અને આખા શરીર ઉપર ભસ્મ ધારણ કરેલી છે માટે હે સદા શીવ આ સ્તુતિ શ્રવણ કરીને અમારા ઉપર કૃપા કરો.

श्लोक. (ध्यानम्)

ध्याये नित्यं महेशं रजत गिरि निभं चारु चंद्रा वतंसं ॥
रत्नोकल्पो ज्वलांग परशु म्रगवराभि तिहस्त मसंनं ॥
पद्मसीन समंतात स्तुतिरमगणै व्याघ्रकृत्वावसानं ॥
विश्वाद्यं विश्ववंद्य निखिल भयहरं पंचवक्रं भिनेत्रं ॥१॥
वियध्या पितारा ॥

હે જગદાધાર, આપના શરીર ઉપર મહાન જલ પ્રવાહ ઝીણી ઝીણી ફરફરની પેઠે વરસતો દેખાયો તેથી વૈરાટ સ્વરૂપનું પરિમાણ જણાતું નથી એ જલ પ્રવાહ અ'કાશવત છે. વ્યાપક ને તારા તથા નક્ષત્રોના સમુહમાં સમાન છતાં તેજનો ભાસ્ય થાય છે. જેમ નગરની પાછળ ચો તરફ ખાઇ હોય છે, તેમ જળ પ્રવાહને લીધે ચો તરફથી સર્વે જગતને આવરણ કરેલું છે. એ રીતે આપના વૈરાટ સ્વરૂપનું અનુમાન થતું નથી ને આપનું પુવ શરીર દીવ્ય પ્રભા યુકત છે.

દેવો— (કલ્યાણ) લાવણી (દશાશી૮)

અરજ સુણજો આ હમારી, નમીએ સૌ ત્રિપુરારી.

સાખી—બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્રને, ચંદ્ર વરૂણ કુબેર,
દેવો બીજા આવીયા, એમાં નહી ફેર
માટે દયા લાવો અમારી, નમીએ સૌ ત્રિરારી.

સાખી—સ્તુતિ સુણી સહુ દેવની, પ્રસન્ન થયા શીવ રાય.
અનુચર ઉભા થાઓ તમે, જાવો ઉતર દીસામાંય.
મળે સામુ જે પ્રાણી, તેનું શીશ લાવો આંહી,

મહાદેવજી—અહો અનુચરો તમો જલદી ઉતાવળથી ઉત્તર દિશાએ જાઓ, ને પ્રથમ જે પ્રાણી સામુ મળે તેનું મુસ્તક કાપી મારી પાસે લાવો.

ગણો—મુસ્તક નમાવી, કહેવા લાગા કે આપ મહારાજની જેવી આજ્ઞા.

(ચોપાઇ)

પીતા વચન ચઢાવ્યું છે માથે, હુકમ થતાંનીકળ્યા સૈ સાથે
સામો મળીઓ છે ઘેટો સાર, તેને જોઇને કર્યો મન વિચાર
ગણુને ચઢી છે ઝાઝીરે રીસ, ઝટ ઘેટાનું છેદયું શીશ.
ત્યાંથી પ્રસન્ન થયાં સૌ સાથ, મુસ્તક આપુ શંકરનારે હાથ.
અરે વીશ્નું તમે થાઓ તૈયાર, દક્ષનું ધડ લાવો આણે ઠાર.

મહાદેવ—અહો વિશ્નુ તમો દક્ષ પ્રજાપતિનું ધડ છે. તે અહીં લાવો એવું શંકરનું વચન સાંભળીને વિશ્નુએ રાજાનું ધડ લાવીને હાજર કર્યું ને કહયું કે મહારાજ તમારા કહેવા પ્રમાણે ધડ આણ્યું છે. એટલે મહાદેવજીએ દક્ષ પ્રજા પતિના ધડ ઉપર ઘેટાનું મુસ્તક લાવ્યા હતા તે મુકી દીધું ત્યાર બાદ શંકરે પ્રાણીની અંજની છાંટી એટલે તે સજીવન થયું. બાદ સઇન્યાને ઇજા થઇહતી તેઓને અંજની છાંટી દુઃખ મુકત કર્યા. ને કેટલાક મુએલાને સજીવન પણ કર્યા, જેથી સર્વે દેવો, તેમજ અન્ય લોકો તમામ પોતાના સ્થળે પધાર્યા.

સુત પુરાણી (ગીતિ.)

કાત્યાયીની જે સતી, યજ્ઞકુંડમાં પડીયાં જયારે,
હિમાચળ ઘેર પગટયાં, ધર્યા મના કુખ અવતારે.
એતો વરસે પાછાં શીવને, સંદેહ મનમાં ન ધારો,
તે આગળ વિસ્તાર થાશે, એટલી અરજ ઉરધારો,

(ત્યાર બાદ મહાદેવજી હિમાચળ પર્વત ઉપર તપ કરવા ગયા)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

(સ્થળ) શ્રોણીતપુર, જંગલનો દેખાવ.

પાત્રો, તારકાસુર દૈત્ય, ઇંદ્રરાજા, બ્રહ્મા, દેવો, વગેરે.

તારકાસુર.—મનમાં વિચાર કર્યો કે હું અઘોર જંગલમાં જઇ બ્રહ્માની તપશ્ચર્યા કરૂં એવું ધારી તપનો આરંભ કર્યો, એણે સો સંવત્સર સુધી ઉભા હાથ રાખી તપ કર્યું તથા સો સંવત્સર સુધી પોતાના જમણા પગના અંગુઠા ઉપર દેહ રાખ્યો. ત્યાર બાદ સો સંવત્સર સુધી જળમાં ઉભા રહી તપ કર્યું. તથા પંચાગ્નીનું સાધન પણ તેટલાજ વરસ સુધી કર્યું, તેમજ ઉંધા મસ્તક પણ તેટલાજ વરસ સુધી તપ કર્યું. અને તેટલાજ વરસ શુધી ઝાંડ ઉપર તપ કર્યું. આટલું તપ કરતા સુધી બિલકુલ અન્નનો હાર કર્યો નહિ. અને એનું ઉગ્ર તપ જોઇને પૃથ્વી કંપ થયો. તથા દેવોનુ ઇંદ્રાસન ડોલવા લાગ્યું ત્યાંથી ઇંદ્રરાજા બ્રહ્મ લોકમાં આવ્યા ને બ્રહ્મ લોકને કહેવા લાગ્યા.

(ઇંદ્રરાજા તથા દેવો.) (લાવણી)

ઇંદ્ર કહે છે, સુણો પીતાજી પ્યારા.
વિનવીએ છે તમને, હાથ જોડી અમારા.
પ્રથ્વી વીશે દૈત્ય, પ્રગટયો કોઇ ભારી.
તેના તપથી વરીઓ, છેક કહું આવારી.

ડોલ્યું છે ઇંદ્રાસન, પીતાજી માહારા;
તેથી આવ્યા ખુરા. હાલ આજ નહારા.
ઇંદ્રાસન મારૂ લેશે, એ પાપી જ્યારે.
સહુ દેવોને દુઃખ, આપશે ત્યારે.
કૃપા કરીને અરજ, માહુયરી ધરજો,
હું લાગુ તમારા પાય, કામ મારૂં કરજો.

બ્રહ્મા—હે ઇંદ્ર રાજા તારી સ્તુતિ સાંભળી હું ઘણો ખુશી થયો છું, પણ ફીકર કરીશ નહી. ને હું એ દૈત્યને વરદાન આપી પાછો આવું છું. એવું સાંભળી ઇંદ્રરાજા તમામ પોતપોતાની સાથેના દેવો સહુ લઇને ઇંદ્ર લોકમાં આવ્યા. તે બ્રહ્મા ત્યાંથી ઉઠીને તારકાસુર દહીત પાસે આવ્યા. ને કહેવા લાગ્યા કે અરે તારકાસુર તારૂ તપ જોઇને ઘણો ખુશી થયોછું માટે જે તારી ઇચ્છા હોય તે વર મારી પાસે માગ્ય, તારકાસુર કુહે છે વારૂ પીતાજી.

(ગીતિ.)

તારકાસુર

મૃત્યુ ન પામુ કોઇથી, સત્ય વચન મારૂ થાપો,
વરદાન આપી મુજને. અવિચળ કરી આપો.

હે પીતાજી આપ મને વરદાન આપતા હોય તો, હું કોઇથી પણ મરૂ નહીં. એક શંકરના સુદ્ધ વિર્યથી પુત્ર ઉત્પન્ન થાય, ને તે સેન્યાધીપતિ થાય, તો તેના હાથે મારૂ મૃત્યુ થાય, નહી તો બીજાને હાથે મારૂ મૃત્યુ થાય નહી એટલે બ્રહ્માએ, અસ્તુ કહીને વરદાન આપ્યું બ્રહ્મા ત્યાંથી

બ્રહ્મલોકમાં ગયા, એટલે તારકાસુર વરદાન પામી, સોણીતપુ- રમાં ગયો. ને ત્યાં નિર્ભયરાજ કરવા લાગ્યો, તથા બ્રાહ્મણ તથા ગાયો વીગેરેને પીડવા લાગ્યો. યજ્ઞયા ગાદીકના કામ બંધ થવા લાગ્યાં, ને મહા દુઃખ દેવા લાગ્યો. ને દેવો માત્રને ત્રાસ દેવા માંડયો; એથી દેવો ઘણા દુખી થવા લાગ્યા.

ઈંદ્ર તથા દેવો. (ફેરબો.)

સુણો સુણો પીતા, કહુછું વાત મારીરે,
કહુછુ વાત મારીરે, કહુછુ વાત મારીરે, સુણો સુણો
પ્રથ્વીમાં એક દહીત પ્રગટયો. દુષ્ટ મહાબળવાન;
તેણે સહુને ત્રાસજ દીધો, બુરા કીધા હાલ. સુણો સુણો.
ગૌબ્રાહ્મણ સહુને પીડે, દેછે ઘણો માર.
માટે તેનો ઉપાય બતાવો, નવ લગાડો વાર. સુણો સુણો.

બ્રંહ્મા—કહે છે તમોએ મને જે કહ્યું. પણ એ દૈત્ય મારા હાથે વરદાન પામ્યો છે. માટે શંકરનો પુત્ર થાય, એવી પેરવી કરવાથી મરશે. એમાં નીશ્ચે ખાત્રી રાખશો. માટે પ્રેર્ણા કરો.

ઇંદ્ર તથા દેવો—બહુ સારૂ માહારાજ જેવી આપણી આજ્ઞા.

પ્રવેશ ૨ જો.

સ્થળ ઇંદ્રરાજાની કચેરી.

પાત્રો—ઇંદ્રરાજા, તથા પ્રધાન, તથા સીપાઇઓ તથા કામદેવ. તથા તેમની સ્રી રતી, તથા વારંગનાઓ તથા છડીદાર વીગેરે.

છડીદાર. શ્રીમદ સ્વર્ગનિવાશી. માહારાજાધીરાજા પ્રતિવાદ ઇંદ્રરાજાની સ્વારી પે ઘણી ખંમા નીઆ રખો મહેરબાન આપનુ રાજ અવિચળ રહો. મહારાજા ધિરાજાને ઘણી ખમા,

ઇદ્રરાજા. (રાગ દંડી.)

સુણો પ્રધાન મારા કહુછુ તમોને આજે.
દહીત આપે છે. આપણને ઘણો ત્રાસે;
માટે કેવી રીતે, રાખવો વીસ્વાસે. સુણો પ્રધાન
માટે વિચાર કરવો. આપણે આજ ભારી;
સુખી થાય પ્રજા, હવે તો અમારી;
તેની સોધી કાઢોની કાંઇક બારી. સુણો પ્રધાન.

પ્રધાન. (રાગ ઉપર)

મહારાજ આજ, હુકમ શીશ ચડાવું.
તમ કેવા અમાણે, કામ સહું ઊઠાવું.
માટે ચીંતા ન ધરશો, ન મનમાં મુઝાવું. મહારાજ.
આપ કૃપાથી, થસે હવે સહુ સારૂ.
માટે કામ દેવને, અહીયાં બોલાવું.
તેથી ધાર્યુ થાસે, કામ સૌ તમારૂ. મહારાજ.

પ્રધાન—કહેવા લાગ્યા. મહારાજ આપનો હુકમ માથે ચડાવુછુ. માટે કંઇ ફીકર કરસો નહી. માટે જેવી આપની આજ્ઞા.

સીપાઇ—સીપાઇ આવીને ખબર કહેવા લાગ્યો કે મહરાજા

આપની સભામાં વારાંગનાઓ નૃત્ય કરવા સારૂં આવે છે. માટે હુકમ ફરમાવસો. એવી આપની આસા છે.

ઇંદ્રરાજા—કહે છે કે સીપાઇ વારાંગનાઓને આવવાદ્યો. વારાંગનાઓ ઇંદ્રની સભામાં પ્રવેસ કરે છે.

વારાંગનાઓ. (રાજવાડી ખજાના) એરાગ.

નમું નમું હું તમને આજરે
નમું નમું હું તમને.
અવીચલ રાજે, આપનું સારૂ.
લાગે રૈયતને, અતિ તે પ્યારૂ.
માટે અરજી, એજ સ્વીકારૂરે. નમું નમું.
એટલી અરજી, ઊરમાં ધારો.
અમારા ઉપર, કૃપા કરજો.
આસિસ સદા, ઉર ધરજો. નમું નમું.

ફરીથી ગાયન. (વારાંગનાઓ નાચ કરે છે)

સા....રી....ગ....મ....પ....ધ....ની....ગરેસા.
પપ૦પષ૦મધનિ૦(૨)ગરેસા૦ગરેસા૦ગમ૦પપ૦ગગરે (૨)
ગરેસ૦પનીસા૦નીધપ૦નીધપ૦ગમ૦ગપરે૦ગપરે.
સારેસા૦સારેસા૦સારેસા.
કીડાંન૦કીડાંન૦કીટધા૦(૨) તકદ્ધીલાંગ૦ તકથૈ. (૨)
ધા૦કીડાંન૦કીડાંન૦કીટધા. (૨)

છનનન છોમ૦(૨)છનોમ૦છનોમ૦છુમ૦છનનન૦છોમ.
છોમ૦છોમ૦છોમ૦છનનન૦છોમ છોમ૦છોમ૦છનનન૦છોમ.

ઇંદ્રરાજા—પ્રધાનજી મારા વારાંગનાઓ એ નૃત્ય સારૂં કર્યું. માટે એમને સિરપાવ. કડાં કંઠીઓ. વીગેરે રૂ. ૫૦૦ રોકડા આપી વીદાય કરસો.

પ્રધાન—પ્રધાને સીરપાવ આપીને. વારાંગનાઓને વીદાય કરી. એટલામાં.

વીદુસક—મહરાજા મહરાજા આવું સારૂ ગાયન, વારાંગનાઓ એ કર્યું તો હું પણ આપણને મારૂં એક નાનું ગાયન સંભલાવું તે સ્વીકારસો.

વીદુસક. (ગાયન)

મારી નારી બહું, હુશિયાર;
હુંતો આણીછું, એનો માર. મારીનારી બહુ.
મારા ભાગ્ય તણો, નહી પાર;
મને તો મલી રૂપાળી નાર. મારીનારી બહુ.
રૂપાલીને લાડુ ભાવે છે.
મને બહુ, ભાવે છે સેવ. મારીનારી બહુ.
મારા ખાધાની, તો મુજને;
બહુ સારી પડી, છે ટેવ. મારીનારી બહુ.
જેને એવી ગોરી મલે, તેના બુરા હાલ
મારખાઇ ખાઇને તો ફુલી જાસે ગાલ મારીનારી બહુ.

વીદુસક કહેવા લાગ્યો કે મહારાજા સાહેબ મારી સ્ત્રી ઘણીક હુશિયાર છે. તેથી કરીને દરરોજ એ રાંડ મને માર મારે છે. ને માર મને વહાલો બહુ લાગે છે. એના જેવી ચતુરતો કે સવાપોર દિવશે તો ઉંઘમાંથી ઉઠે છે. એવી તો ડાહી છે. તે ત્રણ દીવસે નાય છે. ને મારા પેલી ખાય છે માટે હે ગરીબ પરવરદીગાર મહેરબાંની કરી. મને પણ સીરપાવ આપવા મેરબાની કરસો- એવી મારી વીનંતી છે.

પ્રતીહાર—મહારાજા કામ દેવ પધારે છે માટે આપ જેવો હુકમ ફર્માવશો.

કામદેવ—એટલામાં કામદેવ આવીને હાજર થયા. ઇંદ્રરાજાને નમન કરી કહેવા લાગ્યા કે મહારાજા આપની મારા ઉપર સી આજ્ઞા છે.

ઇંદ્રરાજા—કહે છે કે અહો કામ દેવ પૃથ્વીમાં તારકાસુર નાંમનો દહોત. તે પૃથ્વી ઉપર પ્રગટયો છે તે બ્રહ્માનું વરદાન પામી માહા મદોન્મત થયો છે. માટે તે કોઇથી મરે તેમ નથી. જ્યારે બ્રહ્માને પુછયું ત્યારે બ્રહ્માનું કહેવું થયું કે. મારાથી વરદાન પાંમેલો છે. માટે સંકરનો પુત્ર થાય તો એ મરશે, માટે તેની કઇ યોજના કરો. માટે આફત એવી આવી છે માટે આ વખતે દુઃખમાંથી. બચાવવા આપ ભાગીદાર થસો. એવી આસા રાખું છું.

કામદેવ—જેવી માહારાજા ઇંદ્રરાજાની આજ્ઞા.

(રાગ ધનાશ્રી.)

આજ્ઞા સીસ ચડાવું ઇંદ્ર રાજા આજ્ઞા સીસ ચડાવું.
તમ કૃપાથી કામ બજાવું, ઇંદ્રરાજા આજ્ઞા શીસ ચડાવું.
જોગી ભોગીનું સત્ય ચુકાવું, વિલંબ ન કરૂં જલદી આવું. ઇ
તપસી કેરી તપસા છોડાવું, આપણને સીસ નમાવું ઇં.
બ્રહ્મા વિષ્નુ શંકર વા દેવા, મોટા મુનીનાં મન ચળાવું ઇ.

અહો માહારાજ આપનો હુકમ શીસચડાવું તો માહારાજ બ્રહ્મા વિષ્નું સંકર હોય તો અગર મોટા મુનિનાં મન ચળીત કરી નાખુ તો સંકર કોણ માત્ર એક ઝપાટામાં તપમાં ખામી લગાડું

પ્રવેશ ૩ જો.

સ્થલ હિમાચલ પર્વત.

પાત્રો—મહારેવજી, પાર્વતી, સખીઓ, વસંત, કામદેવ, તથા તેની સ્ત્રી રતી. વીગરે.

કામદેવ—કામદેવ વીચાર કરે છે કે મારી સ્રી રતીની રજા લઇને જવું એવો વીચાર કરી પોતાના મહેલમાં પોતાની સ્રી રતી પાસે આવ્યો.

દાસી—વેગલે કામ દેવને આવતા દેખીને દાસી એક દમ દોડીને આવીને વધ્ધી આપી કે માતુ શ્રી મહારાજા કામદેવ પધારે છે.

રતી—કહેવા લાગી કે બેન બહુ સારૂ આવાદો.

રતી— (બનજારો રાગ.)

સ્વામી સાંભળો વાત અમારી,
તમ દસન વિના દુખકારી, ટેક
નવ દેખું કદી તમારૂ મુખ,
મારા દલમાં થાય બહુ દુખ,
તેથી બેસી રહો ઘરબારી, તમ૦
માટે અરજ માહારી ધરજો,
કહેવા પ્રમાણે કામ કરજો,
મારા મુગટ મણી મોરારી, તમ૦

કામદેવ— રાગ સદર

તુ સાંભલ નારી મારી,
મુજ વાત ધ્યાન ઉતારી,
કહું છુ ખરે ખરૂ આ વારી, તુ સાંભલ૦
ઇંદ્ર તેડયો તો મુજને આજે,
રજા લેવા આવ્યો તુજ પાસે,
માટે આગ્ના આપો નારી, તુ સાંભલ૦
મહાદેવને છલવા જાઉં,
બે દીવસ રહી પાછો આવું,
માટે આગ્ના આપો પ્યારી, તુ સાંભલ૦

માટે હે સતી તુ અમને આગ્ના આપ હું બે દીવસમાં સંકરને છળીને પાછો ઝટ આવુ છુ વાર લગાડનાર નથી, જેથી રજા આપો,

રતી—કહે છે કે વારૂ માહારાજ આપ કહોછો તે ખરૂ છે
પણ હું આપની સાથે આવીસ

રતી . જનુની જીવેરે ગોપીચંદની

સ્વામી મારા સુણો વીનંતી સાથે લ્યો તમ નારજી,
કોણ આધારે અહીં મેલીને ચાલ્યા જાઓ આ વારજી.સ્વામી
કામદેવ—સતી તમે માનો માહરૂં, નથી વંનમાં સુખજી;
મારૂ કહ્યું તમે નહી કરો, લગાડો છો બહુ દુખજી. રજા
રતી—જાવુ હોય તો ભલે જાવને, સાથે લ્યો તમ નારજી
આધાર છે સ્વાંમી તણો, માટે વીચારો નાથજી. સ્વાંમી
કામદેવ—ઘેલી નારી ઘેલુ સુબોલો, વનમાં બહુ દુઃખજી
ખાઇ પીને સુખ ભોગવો. કરો પ્રભુનું ભજનજી રજા
રતી—ના કહેસો તો જીવકાડીસું, હત્યા તમારે શીશજી
માટે વીનંતી મારી સાંભળો, કહુ છુ કર જોડજી. સ્વામી
કામદેવ—કલ્પાંત તમારૂં જોઇને, સુખે ચાલો મમસાથજી
પ્રભુએ ધાર્યું સહું સારૂ થસે, માટે નહી કરો વારજી રજા

હે સ્રી તારૂ કલ્પાંત જોઇને મારા મનને ઘણો ત્રાસ પડે છે. માટે ચાલો. પ્રભુની જેવી મરજી હશે તેમ થસે. માટે વાર લગાડશો નહી.

રતી—જેવી સ્વાંમી નાથની આજ્ઞા. એવું કહીને કામદેવ તથા તેમની સ્રી. રતીએ બેઉ જણુ હીમાચલ પરવત ઉપર આવે છે.

પારવતી. (પુનમ ચાંદનીના રાગ)

સખી ચાલો સહુ જઇએ, દરસન કારણેરે;
વીનવીએ ભોળા સંભુનાથ, સખી ચાલો તો.

(સાખી.)

હળી મળી સહુ સખી, ચાલો શંકર પાસ.
વીનવીએ ભોળાનાથને, તેથી થાસે કાજ
કુમ કુમ અક્ષત પુષ્પ, લે જોસ હું સાથ માંરે;
પુંજન કરવા જઇએ, સહું જો સંઘાથ. સખી ચાલો.

(સાખી.)

પહેરી હોડી આજ સઊ, ધરી સોળ શણગાર;
બીલી પુસ્પ સહુ લેઇને, નાં લગાડો કંઇ વાર.
માટે જલદી મલીને, ચાલો સૌ આપણેરે;
તેથી પ્રસંન્ન થાસે, શંભુ ભોળાનાથ. સખી ચાલો.

પારવતિ—હે બેન સખીઓ, તમો સરવે, પુંજાની સાહીત્ય લઇને જલદી તઇયાર થાઓ. ને આપડે સરવે જણુ ચાલો. કારણ કે હીમાચલ પર્વત ઉપર શ્રી માહાદેવનુ પુજન કરવા સારૂં જવાનો વિચાર થયો છે. માટે વાર લગાડસો નહી. ને ઊતાવળ થાય તેમ જલદી કામ કરો.

સખીઓ—જેવી માતુશ્રીની આજ્ઞા સૌ મળી હીમાચળ પર્વત ઉપર સંકરની પાસે આવ્યાં.

કામદેવ તથા તેની સ્રી. } એટલામાં કામદેવ તથા. તેમની સ્રી રતી તથા જોડે વસંતને પણ આંણ્યો છે. એ ત્રણે જણ હીમાચલ પર્વત ઉપર શ્રી માહાદેવની પાછળ આવી ઊભાં રહયાં છે.

કામદેવ—વસંતને આજ્ઞા આપી. કે તમો આવનમાં ઝટ પ્રવેશ કર્યો. કે તરત વનમાત્ર ખીલી ઊઠયું ને સામાસામી ઝાડોની લતાઓ મલી ગઇઓ.ને કોકીલા. તથા. હંસકારડા. મેનાઓ ચકવા. ચકવી મોર. વાઘ તથા. હરણ. ની ટોલીઓ. ચીત્રાઓની ટોળીઓ. તથા સીયાલો તથા, કેસરી વાઘ. ને સીહ; એવાંજે નાના પ્રકારનાં જાનવરો. સાંમાસાંમી એકઠાં રમે છે ને નાના પ્રકારનાં ભાસણો જાનવરો કરે છે, અને ભમર ગુંજાર કરી રહયા છે. નાના પ્રકારથી કે સુડી ખીલી ઊઠી છે. ને વનમાં અરાડભાર વનસ્પતિ માત્ર ખીલી રહ્યું છે વનમાં નાના પ્રકારની સુગંધીઓ છુટા કરે છે ને પવન પણ સીતળ પ્રસર્યા કરે છે. એવી વનની સોભા થઇ રહી છે. એવામાં પાર્વતિ પોતાની સખીઓ. સાથે સંકર સનમુખ પુજા કરવા સારૂં ઊભાં રહયાં છે, તથા પુજા કરી રહયા બાદ સીવની સ્તુતિ કરી છે.

श्लोक. शंकरनी स्तुति करी छे.

स्फुटं स्फटिकं समभं, स्फुटिक हाटक श्री जटं ॥
ससांकदल शेखरं कपिल फुल्ल नेत्र त्रयं ॥
तरक्षवर कृतिमद्भूजग भुषणं भूति मत्ः ॥
कदाऽनुशिति कंढते वपुरवे क्षते वीक्षणम् ॥ १ ॥

ભાવાર્થ—જેનો વર્ણ સ્ફટિક પ્રમાણે સફેદછે, જેમ તપેલો અગ્ની સુવર્ણ જેવો એટલે સોનાના જેવી જેની જટા સોભાયમાનછે. ને જેના માથા ઉપર અર્ધચંદ્ર શોભે છે, જેની આંખો ત્રણ પીળી એવી જણાય છે, ને વાઘ તથા હાથી એમનુંજ ચર્મ તેનું ચામડુ અંગ ઉપર ધારણ એટલે પેરેલું છે, ને આભુસણ સર્પનુ છે ને એશ્વર્ય છે, હે નીલકંઠા મારી સામું તમો સારી રીતે જુઓ.

त्रिलोचनं विलोचने लसतितेः लला मायिते् ॥
स्मरा तियमधः स्मरोनियामिनाम भूल्दस्मसात् ॥
स्त्रमात्किलतया वसाकृतवति सती पार्वती ॥
स्वभक्त वसतो भवान पिवसी मसीद मभो ॥ २ ॥

હે સંકર ત્રણ નેત્રવાળા બધુ તારા આધીન છે, સ્વભકતી રૂપ એટલે પોતાની ભકતીના યોગે મહાપ્રતીવૃતા એટલે પતિવૃત પાલવા વાલી એવી જે માહારાજ પાર્વતિ તે

તમને સુપ્રેત તમારી સેવામાં છે, તેમાં અલંકાર રૂપ ઘરેણાને ત્રીનેત્ર–સારાં તેજવાન જણાય છે, એવા છતાં ઇંદ્રીઓ સંકોચ કરવા વાલા નીયમમાં રાખવા વાલા એવિ જે કામની વૃતી તે બળીને ભસ્મ કરી એવી તમો કૃપા કરી ભકત ઉપર સાહે થાવો. ૨

महेश महितोः आसितत्पुरुषा गृयाभवा ॥
नधोर रिपु धोरते अनवं मवामदेवाजलि ॥
नमः सवदि जातते त्वमिति पंच रुपांचिताः ॥
प्रपंच यचपंच वृन्मम मनस्त मस्ताऽयः ॥ २ ॥

હે મહેસા તુ પુજ્ય છે; હે અભયંકરા તારૂ ખંડિત એટલે આપનું ઐશ્વર્ય ખંડીત નથી. રીપુનો નાશ કરવા વાલા છો. હે શ્રેષ્ટ મોટા સારા સોભાયમાન દેવા, તમોને મારા નમસ્કાર છે. તમે ઇંદ્રાદી દેવો કરતાં પણ મોટા છો. આ પ્રમાણે તમારા પાંચ રૂપની પુંજા કરીએ છે. તેવી મારા પાંચ પ્રકારની વૃતી સ્થીર કરો, ને અજ્ઞાન પણાનો નાસ કરો. ॥૩॥

सहस्र नयनो गुह सह सहस्र रास्मि विधु ॥
बृहस्पति रपांपतीः सम्नुर सिध विध्याधराः ॥
भवत्पदपरायणाः श्रियमि मामयुः मार्थिनाः ॥
भवात्सुरतरुर्द सांदि ससावा सिवावल्लभाः ॥ ४ ॥

તમારા ચરણ સેવવાથી ઘણા આતુર ઇંદ્ર તથા કાર્તીકસ્વામી, સુર્ય, ચંદ્ર, બ્રહસ્પતિ, વરૂણ, કુબેર વીગરે દેવસીધ,

વીદ્યાધર, સર્વોના પોતાના પાદની અંદર પ્રાપતી, અઇસ્વર્ય આપવા વાલા છો ને પ્રાર્થના કરવાથી કલ્પવૃક્ષ આપવા વાલાછો. એવા હે ગીરજાપતી આપની મંગલ દાયક એટલે સદા સુખ કરવા વાલા છો. એવા હે શંકરા અમારા ઉપર દ્રષ્ટી આપની ફેરવીને જુવો. જેથી મારી વૃતી શાંત થાય ॥૪॥

ॐनमःसिवाःसिवा सिवाः सिव सर्वार्थकृतांसिवं ॥
नमोः हर हरा हरा हर हरांत रिम्मेदसंः ॥
नमोभव भयाभव पृभयः भुतये मेभवं : ॥
नमोमृनमोनम नम उमसे तुभ्यंनमाः ॥ ५ ॥

હે સંકરા પાર્વતિના અમંગલને દુર કરનારા. તમોને મારા નમસ્કાર હો. મારા અકલ્યાંણુને નાસ કરો. હે હરહરા તંમોને મારા નમસ્કાર હો. દીવસે દીવસે. પ્રતીદીન મારી. અંતરની વૃતી હરણુ કરો. હે ભવા હે સંકરા. અશ્વર્ય પ્રાપતી આપવા વાલા માહારાજ તમો છો. ને તંમોને હે ઊમાપતે તંમોને મારા નમસ્કાર છે. એવી પાર્વતીની સ્તુતિ સાંભલી એટલે સંકરનાં જે નેત્રો ધ્યાનમાં હતાં તે ધ્યાનમાંથી ખુલાં થઇ ગયાં. એટલે સંકરે પોતાની પાસે પાર્વતી દીઠાં તે વખતે સંકરનું મંન વીહવલ થયું.

માહાદેવ. (ગીતિ)

સંકરે તપસા છોડી, કામ બાણુથી જ્યારે;
કાત્યાયીની દીઠાં જ્યારે, મનલુબ્ધ થયું ત્યારે.

(આ ક્યાંથી સંભળાય.)

વીભળ મતિ મુજ થાય, રે પ્રભુ વીભળ મતિ મુજ થાય;
નેત્ર ઊઘાડી જુવે છે જેવે, એવે દીઠાં ઊભીઆય. રે પ્રભુ વીભળ.
સંકરે હસ્ત લાંબોજ કીધો, ઊભાં છે ગીરીતનિ માય.
સતી તવ વેગળાં ખસ્યાં, સીવ મનમાં લજવાય. રે પ્રભુવીભળ.
સંભુ પોતે વીચાર કરે છે, તપમાં ખાંમી થાય;
પાછલ પોતે જોવા લાગ્યા. કામ ત્યાં દૃષ્ટે દેખાય. રે પ્રભુ વીભળ
નેત્ર ત્રીજુ ઊઘાડયું જેવે, ક્રોધ થયો મનમાંય.
કામને બાળી ભસ્મજ કીધો. રતિ મનમાં મુંઝાય રે પ્રભુ વીભળ

એકદમ સંકરે પાર્વતિને પોતાની સનમુખ ઊભાં રહેલાં દીઠાં. કે તુર્તવૃતી ફરતા વારમાં. પાર્વતિના સાંમો લાંબો હાથ કર્યો. એટલે પાર્વતિ વેગળાં ખસી ગયાં એટલે સંકરે મનમાં વીચાર કર્યો. કેમ મારૂં મન ચલીત થયું. એવું પોતે ધારીને પછવાડે જોયું. તો કામદેવ પોતાની દ્રષ્ટે ઉભો રહેલો દીઠો. એટલે મહાક્રોધ ઉત્પન થયો. એટલે પોતાનું ત્રીજું લોચન ખુલી ગયું એટલે તર્તતે વખતે બાળીને ભસ્મ કરી નાખ્યો. એટલે તેની સ્રી રતિ એકદમ. હાય હાય કરીને પૃથ્વી ઉપર મુરછા આવીને પડી ગઇ. ને જાગૃત થઇ નાંના પ્રકારના પોતે વીચાર કરી પછીથી વીલાપ કરવા સારૂં બેઠાં.

રતિ. (રાગ લલીત)

અરે સ્વાંમીરે આતે શું થયું, તમ મરણથી મારૂં સઉ ગયું;
ન આવી દયા નાથજી તમને, એકલી મેલી હાઅ વનમાં.
ઇંદ્રપાપીએ કેરતો કર્યો, મુજ રાંકડીનો કંથ તો હર્યો;
સીખવી તમને નાથ માહુયરા, શંકરે તમને ભસ્મ તો કરા.

રતિ (ગીતિ)

સ્વાંમી મરતાં આજે, દુનિયાંતો વરવી થાશે.
તેમાં સૌ સ્રીનાં જોબન, તેતો સઉ એળે જાસે.

અરેરે હાયહાય પ્રાણનાથ તમોને ઇંદ્રાદી દેવોએ સંકર પાસ મોકલ્યા, પણ સંકરે આપણુ ત્રીજુ લોચન ખોલીને બાળી ભસ્મ કરી નાખ્યા. પણ અરે હાય હું નાંતી જાણતી. કે આમ તમારૂ મૃત્યું થસે. નહીતો તમોને જવા દેત નહી. ને આ અઘોર જંગલમાં મને દેસ કે દીસા સુજતુ નથી. ને અરે પ્રભુ આ જંગલમાંથી હું કયાં જાઉ કારણકે કેટલાક પ્રકારનાં જાનવરો મારા પણ દેહનો ઘાત કરસે એમ મારા મનને ખાત્રી થાયછે. અરે સ્વામી તમો બળતા કરી. આખી આ દુનિયાંની સ્રીઓનું જોબન છુટી પડસે. ને અવતાર માત્ર એળે જવાનો છે.

ઇંદ્રાદી દેવો. (ઇંદ્રસભાનો ગજલ)

સુણોને મહારાજ, તંમોને કહીયે આજ;
કામને તો બાળીયો, તેથી થયુ ખોટુ કાજ.

કામ સતી રતીનું, જોઇને રૂદન આજ;
સરવે દેવો ત્યાં આવીયા, કરો અમારૂ કાજ.
માટે સંભાળી સોહાગ, આપોક હુ મારાજ;
દેવની વીનંતી સુણી, કરોની રૂડુ કાજ.

હે મહારાજ આપ કૃપા કરીને. કામદેવને સજીવન કરો એવી અમારી અરજ છે કારણ કે કામની સ્ત્રીનું કલ્પાંત અમો દેવ માત્રથી જોઇ શકતુ નથી. માટે હે કૃપાનાથ એને સંજીવન કરો. એવી સરવેની વીનંતી છે.

સંકર—સંકર કહેવા લાગ્યા કે મારાથી એ પાપી બલીને ભસ્મ થયો છે. માટે મારાથીએ સજીવન થવાનો નથી. માટે હું કહું તે સાંભલો. દ્વાપર યુગ ઉતર તાં વીષ્ણુનો કૃષ્ણ અવતાર થવાનો છે. તેમનાં પટરાંણી રૂક્ષ્માંણી થસે. તેમના ઉદરથી કામ અવ તરસે. કામને સમરાસુર દહીત હરણુ કરી જસે માટે હે દેવો રતીને કહેવું કે તુ સમરાસુરની દાસી થઇને રહે. ને ત્યાં રસોઇનું કામ કરજો. એટલે ઘણુ કાલ ગયા બાદ સમરાસુર કામનુ હરણુ કરી લાવસે. તે રતીને સોપસે. એટલે રતી તે કામને ઉછેરીને મોટો કરશે. એટલે પોતાના પતીનું પુરવેનુ ઓલખાણુ થાસે. એ પ્રમાણે રતીને આજ્ઞા આપો.

દેવો—તમામ દેવ માત્ર કહેવા લાગ્યા કે, અહો સતી તમે

સમરાસુર નામનો દહીત છે. તેને ત્યાં જાવ. જેથી તમારૂં કામ ફતે થસે.

રતિ—જેવી દેવતાઓની આગ્ના. એવું કહી દેવો માત્ર વીદાય થયા. ને રતી હતી તે પણ દેવની આગનાઓથી સમરાસુરને ત્યાં ગઇ.

સંકર—સંકરે તપસાતે સ્થળથી છોડી. બીજા સ્થળને વીસે ગયા.

પાર્વતિ—ને પાર્વતિ હીમાચલ પર્વત ઉપરથી પોતાને ત્યાં આવ્યાં. ને સોચક કરવા લાગ્યાં. કે અરે પ્રભુ હું સંકર પુજનાર્થે ગઇ ત્યાં આગળ ગઇ જેથી સંકરના તપમાં ખાંમી લાગી. માટે મારે પણ સંકરની તપશ્ચર્યા કરવા સારૂં જવું જોઇએ માટે હે બેન સખી. તુમારા પીતા તથા. મારા માતુશ્રીની આગના લાવ ને વાર લગાડીસ નહી જલદી જાવ.

સખી—જેવી માતુશ્રી આપની આગના માતાજી વંદન કરી જાવું છું.

પ્રવેશ ૪ થો.

સ્થલ. હીમાચલનો મેહેલ.

પાત્રો. હીમાચલ. મેના તેમની સ્રી. પાર્વતિ. દાસીઓ. તથા. દેવો. તથા. ઇંદ્રરાજા.

પાર્વતિ— પ્રેમનો ફોલ દીઓ રાજકુમાર.

સખી તો તૈયાર થાવો. જલદી આવાર.
મારાં માત પીતા પાતા પાસે જાવ. સખી તો તૈયાર.
માત પીતા પાસે જઇને બેની કહેજો તેહ.
પાર્વતીને તપ કરવાનો ઘણો મનમાં નેહ. (સખી તો તૈયાર)
માતપીતાની આજ્ઞા લાવો. કહુ તમને આજ
તમ કૃપાથી વનમાં જાવું. વીનવું ભોળાનાથ. (સખી તો તૈયાર)
બેની મારાં જાવોને તો નહિ લગાડો વાર.
માત પીતાની આજ્ઞા લેઇ, જાવુછુ આવાર. (સખી તો તૈયાર)

દાસી—માતુ શ્રી જેવી આપણી આજ્ઞા, એવું કહીને જાય છે.
દાસી કહે છે કે હે પીતાજી પાર્વતી બેનને વનમાં તપ કરવા જવાની ઇચ્છા થઇ છે. તો આજ્ઞા આપસો.

હીમાચળ—અહો બેન દીકરી તો કાંઇક એક રત્ન છે. માટે હે બેન મારી તો આજ્ઞા છે.—પણ એની માતાની આજ્ઞા લ્યો.
એટલે દાસી ઝટ મેનાં પાસે આવી.—

(ગીતિ.)

દાસી તૈયાર થઇ, રાજ મહેલમાં મેના પાસે આવી.
માજી આજ્ઞા આપો. કહુ તમોને સીસ નમાવી.
પાર્વતીને જાવું. વન વીષે તો તપ કરવાને.
માટે આજ્ઞા આપો, એ સંકરને તો વરવાને.

મેના—હે બેન સખી પાર્વતીને મારા પાસે જલદી બોલાવી લાવ.

દાસી—માતુશ્રી જેવી આપની આજ્ઞા.

(વીરા વેસ્યાના યારી.)

સુણો બેની મારી, વાત સારી, તેડે છે માતા આજ.
પીતાએ તો આજ્ઞા આપી, કહ્યું છે તમોને આજ.
માતા આપણું તેડે છે તમને તેથી તો સરશે કાજ (સુણોબેની
માટે જલદી ચાલો વેલાં ન લગાડો કંઇવાર
તમારી ઇચ્છા પુરી થાસે. વીચારોની આવાર (સુણો બેની.

પાર્વતી—અહો બેન ચાલો ત્યારે, એટલે પાર્વતી મેનાં પાસે આવીને હાથ જોડીને સન્મુખ ઉભાં રહયાં. ને કહ્યું કે માતા આપની પુત્રી વંદન કરે છે.

મેનાં—કહેવા લાગ્યાં કે અહો બેન. પાર્વતી તારે સું દુખ છે. જે કદાપી તારી મરજી વનમાં જવાની છે તો તે કરતાં આપડે ઘેર રહીને ભજન કરો, સાથી કે તમામ દેવ આપણે ઘરે છે. માટે તેમનું ધ્યાન ધરો, ને સુખ કામ કરો કારણ કે વનમાં મહા દુઃખ છે. જેથી કહ્યું કરો તો સારૂં.

પાર્વતિ—માતુશ્રી આપ કહોછો તે અનર્થ છે. કારણ કે ઘેર બેઠાં ઇશ્વર સ્મરણ થતુ નથી. માટે મારી મરજી પ્રમાણે આજ્ઞા આપો તો સારૂં પછી આપની જેવી આજ્ઞા.

મેના—હે બેન સુખેથી પધારો.

પાર્વતિ—જેવી માતુશ્રીની આજ્ઞા એમ કહી જાય છે.

(ગીતિ.)

જાવું વનમાં આજે. તપ કરવાને મારી માતા,
સંભુને પ્રસન્ન કરવા. જેથી થાસે સુખ સાતા.

એમ કહી પાર્વતીએ, પોતાની માતાને સાષ્ટાંગ દંડવત કરીને પારવતી તપ કરવાને દારૂક વનમાં ગયાં. તે ત્યાં આગળ પોતાના અંગ વસ્રા. ત્યાગ કરીને વનનાં વસ્ત્ર ધારણ કર્યા. અને મૃગ ચર્મ હોડીને પદ્મમાસનવાળીને ધ્યાનમાં પંચવદન રાખીને તે સ્થલને વીશે તપને સારૂ બેઠાં માટે તેમના તપની જગ્યા ગવરીસીખરના નામથી ઓલખાય છે. પોતાની નાની વયમાં એવુ અઘોર તપ કર્યું કે કોઇથી પણ એવું તપ થઇ ન શકે ગવરીના તપનો મહીમા એવો છે કે ગૌ તથા સીહુ એ એક ઠારમે એવું તપ કર્યું આ તપ ઇંદ્રાદી દેવોએ કલ્યામીને ધનવાદ આપો ને પુષ્પની વૃસ્ટી કરી.

ઇન્દરાજા (મધુર સ્વર કયાંથી આ સંભલાય)

સચીવ મારા પુછુછુ તમને, મનમાં ચીંતા થાય;
સતીના તપથી ડોલ્યુ ઇંદ્રાસન, મન અતી ઘુચવાય; (સચીવ)
માટે વીચારો કહુ તમને, કરવો કઇક ઉપાય;
નારદજીને બોલાવીને, કરજોડી લાગ્યા પાય; (સચીવ)
બ્રંહ્માના પુત્ર કેવા લાગ્યા, સાંભલો ઇન્દરાય;
સૌ મલીને આપણે જાવું, સંકર બેઠા જયાંય; (સચીવ)
એમ કહી સૌ દેવ ચાલ્યા, આવ્યા જ્યાં કૈલાસ;

સંકરને સહુ પાએ નમીને, વિનવે છે સહુ દાસ; (સચીવ)

દેવો—અહો મારાજ આપ સતી પાસે જાવો કારણ કે સતીના ઉગ્ર તપથી ઇંદ્રાસન પણ ડોલવા લાગ્યુ માટે સતીને મન વાંચ્છીત ફલ આપો એવી અમારી વિનંતી છે.

સંકર—બહુ સારૂ તમો માત્ર પોત પોતાના શ્વસ્થાનમાં પધારો ને હુ સતીને વરદાન આપવા સારૂ જાઉછુ.

દેવો—બહુ સારૂ મહારાજની આગ્ના.

સંકર—એકદમ દારૂક વનમાં આવીને જોગીનો વેશ અદભુત ધારણ કર્યો ને હાથમાં તુંબીપાત્ર ગૃહણ કર્યુંછે ને બીજા હાથમાં ચીપીયો ઝાલ્યો છે સેલી સીંગી ધારણ કરીછે એવા અદભુત શ્વરૂપથી સંકર પાર્વતી પાસે આવ્યા એટલે પાર્વતી ધ્યાનમાંથી જાગ્યાં ને જોવા લાગ્યાં કે અદભુત જોગીશ્વરૂપ જોવામાં આવ્યુ એટલે યોગીને આસન આપ્યુ ને પ્રેમ પુર્વક પુજા કરી તે બાદ પારવતી પુછવા લાગ્યાં કહો મહારાજ આપ કયા મઠના જોગીરાજ છો ને આપના ગુરૂ કોણુછે. ને આપ કયાં રહોછો. તે કૃપા કરીને કહેસો.

સંકર— (ગીતી)

એવું સાંભળી સંકર કહેછે, સાંભળ અબળા વાત મારી;
તારા તપની કીરતી જાણી, આવ્યો તુજ પાસે આવારી

હે સતી તારા તપથી હું ઘણો ખુસી થયો છુ તેં મારૂ પુજન વીધી પુર્વક કર્યું છે. તે વડે કરીને મારો ત્થા. તારો સ્નેહ બંધાયો તેથી કરીને તને પુછુછુ કે તું સાંભળી ને મને તું ઉતર આપ કારણુ કે નાની વયમાં. આહા દુઃખ ભોગવવુ પડે છે. તે મને કહે ને તું કદાપી મારી પાસે જુઠું બોલીશ નહી.

પાર્વતિ—પોતાની સખીને કહે છે અહો બેન સખીતું જોગી-રાજના મનનું સમાધાન કર. સાથી કે તેમના મનની વૃતી સમાધાન થાય. માટે જલદી જઇને કહો.

દાસી—માતુશ્રીની જેવી આજ્ઞા એવુ કહી દાસી સંકર પાસે આવી તેમના મનનુ સમાધન બરોબર રીતે કરે છે

દાસી (લાવણી)

જોગી મહારાજા વાત કહુ છુ આજે, સતી તપ કરે છે શંકર વરવા કાજે;
માટે ઉપાય બતાવો આજ કૃપા કરીને, તમ દાસી જોડે હાથ ધ્યાન ધરીને

જોગી—જોગી કહે છે સુણુ દાસી તુ સાણી,
તુજ પાર્વતિ તો બોલે નહી મુખવાણી;
માટે તારી સાથે વાત ન કરવી મારે,
તુ સુ કરવાને ફોગટ ફાંફાં મારે.

દાસી—જોગી મહારાજા અમારાં સતી પાર્વતિ તપ કરે છે, તેમણુ અઘોર તપ કર્યું છે. પણુ સંકર પ્રસન્ન થયા

નહી. માટે હે જોગીરાજ જેમ સંકર પ્રસન્ન થાય તેમ ઉપાય બતાવો. એવી આસા રાખુ છું

જોગી—હે દાસી તારાં સતી તો મને બીલકુલ બોલાવતાં નથી. તેમ મારા સાંમાં વાત પણ કરતાં નથી. માટે તારી સાથે મારે વીવેચન કરવું ઘટતુ નથી.

પાર્વતિ—હે જોગીરાજ મારી દાસીએ જે વાત આપના પાસે કરી છે. તે વાત સાચીછે કારણકે મેં તપશ્ચર્યા એકમને એક ચીતે એક સ્થલે બેશી હું સંકર સદા સીવનું ધ્યાનધરૂ છું. એમાં ખોટુ નથી.

જોગી—એકદમ જોગીરાજે. એવુ ભાષણ સાંભળીને ઊઠીને એકદમ. ચાલતા થયા.

પાર્વતિ—હે સદાસીવ આપ મારા ઉપર સા કારણથી રીસાવી જાવ છો. એ આપણને ઘટીત નથી.

જોગી—હે સતી તારૂ તપ જોઇને હું પ્રસંન્ન થયો છું પણ એક ભીક્ષુકને વરવાનું કહે છે તે વાત તને અ-યોગ્ય છે.

જોગી— (સુણ તું નાર હું આવ્યોછું જોવા ગુલપરી.)

સુણ સતી તુજને, વાતતો કહુ છુ તને.
માટે વીચારી લેને, કેવા આવ્યો એક મને;
ઇંદ્રને વર તુતો વાત કહુ છુ એક સારી.
સંકરમાં સું દીઠુ રૂપ, કેવછુ હું આવારી;
જાત ભીક્ષુકની, મસાંણુમાં તો વાસ વસે.

તેની તો ઇચ્છા રાખે, મન ધાર્યું નવ થસે;
ભુત ભૈરવ પીસાચ. ભેગો એતો રમે.
વાઘ ચર્મ હોડીએ તો, જોગી સુને નવ સમે;
માટે સતી કહુ તને, રાખોની મારૂ માપ.
વ્યંતર પીસાચમાં, ભરવે કોઢે મોટા સાપ;

જોગી—માટે હેસતી તુ બ્રહ્મા-વીશ્નુ-ઇંદ્ર-ચંદ્ર-વરૂણ- વંન્હી. એવા એવા મોટા દેવો. વરવાના મુકીને એવા એ જોગીને વરવાની ધારણા કરે છે. પણ એ તારૂં ધારવું નીરર્થક છે. એવી જોગીના મુખથી સંકરની નીંદા સાંભળીને. પાર્વતિને મહા ક્રોધ ઉત્પંન્ન થયો. ને સાધુ જોગીને તુચ્છકાર આપ્યો.

પાર્વતિ— (ગાયન)

જાજારે. જાજારે. (૨) જોગી આજ વદી સું મુખ ભણી.
નાનારે—જાજારે (૨) વીકારી. પુર. વદેસુ મુખ ભણી.
સંકરની તુ નીદયા કરે છે. ચીત મારૂં તો ઘણું બળે છે.
ભ્રષ્ટ મતીના મુઢ-વદે-નાનરે જાજારે (૨) વીકારી.
જોગી જાંણીને જતા કરૂ છુ-તમારો બોલ સહન કરૂ છુ.
....માટે પાપી જાણી દર વદે-નાનારે જાજારે (૨) વીકારી
વૃદ્ધ જાણીને જવા દેવછુ-સાચે સાચુ તમ આગળ કહુ છુ.
....પાપી પ્રપંચી છો પુર-વદે-નાનરે જાજારે (૨)વીકારી
વીકા પાખંડી સાધુ હું તમને જાણું જાણુતમ આગળ
સુવખાણું

...જાવો અહીયાંથી દુર-વદે-નાનારે જાજારે (૨) વીકારી

પાર્વતિ—અહો યોગીરાજ તમોએ સંકરની નીંદ્રા કરી. માટે તમારા બોલવા ઉપરથી તમો યોગીરાજ નથી ને કોઇ પ્રપંચી જણાવ છો. પણ આ વખતે હું આપણુને શ્રાપ આપત. પણ વૃદ્ધ સ્વરૂપ જાંણીને જતા કરૂ છું ને વળી સંકરનો અવતાર એવો છે કે એમની જે પ્રાણી સેવા કરે છે. તો તેમની કામના સકર સારી રીતે પરી પુરણ કરે છે. માટે જોગીરાજ આપ સંકરની નીંદયા કરસો નહી. કેવત મુજબ છે કે વીષ્નુનો ભકત થઇ સંકરની નીદ્રા કરે તો તે પ્રાણી રો રો નર્કસ્થાનનો વાસ ભુકતમાન કરે છે. એમાં ખોટુ નથી. ને કદાપી સંકરનો ભકત થઇને વીષ્નુંની નીંદયા કરે તો તે પણ પ્રાણી રોરો નર્કમાં જાય છે. ને નીદ્રા વાલો પ્રાણી ઘણા કાલ નર્ક ભુકતમાન કરે છે. એ બરોબર છે. પછી સતીએ વીચાર્યું કે એ પાપી ફરીથી. સંકરની નીદ્રા કરસે માટે હે દાસી તું વલી કહે કે ફરીથી સંકરની નીદ્રા કરે નહી.

દાસો—જેવી માતુશ્રીની આજ્ઞા.

પાર્વતિ—મારે આ સ્થળને વીસે હવે રહેવું નથી કારણ કે આ જગાયે. એવા ઢાંગી ધુતારા સાધુઓ આવી મને ધ્યાન ધરવા દે નહી. માટે આ સ્થલ છોડી

એમ કહી અંતરધ્યાન થયા, સંભુ ગયા કૈલાસે.
ત્યાંથી સતી ચાલીની સર્યાં. આવ્યાં તાત અવાસે. [શંભુ]

સંકર—સતી માગો.

પાર્વતિ—મહારાજા આપનું વચન. આપ વચન આપતા હોય તો આપ મારી સાથે વરો. કેવી રીતે કે, મારા પીતાને ત્યાં વાજતે ગાજતે જે પ્રેમાણે મનુષ્ય લોકોનો વીવાહ થાય છે. એવી રીતે લગનનું કામ કરવું એવી મારી વીનંતી છે તે સ્વીકારી કૃપા કરસો.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થલ સંકરનો કૈલાસ.

પાત્રો—સંકર, સપ્તરૂષિ, નારદ, રૂષિપત્ની, વીહુસક, પાર્વતિ.

પાર્વતિ— (નાથ કેસે ગજકો બંધ છોડાયો)

સંભુ આજ્ઞા આપો તો ઘરે જાવુ
તમ વચન હું સીસ ચડાવું સંભુ૦
લોક વેવા કરે છે જેમ, તમારે પણ કરવું તેમ;
સાચે સાચુ કહુ તમને, રાખો મુજપર પ્રેમ. સંભુ૦
યસ રૂડો સારો વિસ્તારો, મમ તાત ઘેર પધારો,
જેથી જન્મ સફલ તેનો થાસે, અરજી એજ સ્વીકારો,
સંભુ આજ્ઞા આપો ઘર જાવું.

સંકર—એવુ સાંભળી સંકર બોલ્યા, સાંભળો સતી વાત;
લગન તમારી સાથે કરવું. સાચુ કહુ સાક્ષાત.
સંભુ આજ્ઞા આપો તો ઘર જાવું
એમ કહી અંતરધ્યાન થયા, સંભુ ગયા કૈલાસે.
ત્યાંથી સતી ચાલી નીસર્યાં, આવ્યાં તાત અવાસે
સંભુ આજ્ઞા આપો તો ઘર જાવું

પાર્વતિ—એવું સંકરને કહી પાર્વતિ પોતાના પીતાને ત્યાં આવ્યાં એટલામાં પારવતિને આવતાં દેખીને એકદમ હીમાચળે ધસીને સાંમા આવ્યા, સતી મેનાં પણ સામાં આવ્યાં. ને પોતાની પુત્રીને બાજી પડયાં. ને હરખના અશ્રુપાત મેનાને થયો, ને પોતાની પુત્રીનો હાથ જાલી પોતાના અવાસમાં લાવ્યાં.

સંકર—સંકર તહીથી કૈલાસમાં પધારા પણ પારવતિ વિના સંકરને ચેન પડતું નથી. એટલે સંકરે સપ્તરૂષિનું ધ્યાન ધર્યું. એટલે સપ્ત રૂષિ પોતાનાં સ્ત્રી અરૂંધતી સહ કૈલાસમાં આવ્યા એટલે સંકરે કહયું કે પધારો રૂષિરાજ

સપ્તરૂષિ— (શ્લોક)

तमर्क स्लसोमः આ સ્લોક વડે દેવો સ્તુતિ કરે છે.

હે ભગવાન, સુર્ય, ચંદ્ર, વાયુ, અગની, જલ, આકાસ

પૃથ્વી તથા સર્વના સાક્ષી રૂપી આત્મા એ સરવે રૂપે આપજ છો. આપના સ્વરૂપને જાણનારા પરીપકવ બુદ્ધી વાળા પુરૂસો પોતાની વાંણી વડે આપના સ્વરૂપનું જુદુ જુદુ કથન કરે છે. હું આ જગતમાં આપનાથી કોઇ પણ પ્રથક પ્રથક દેખાતો નથી. તો સકલ જડ ચૈતન્ય રૂપે હે જગદાધાર મહારાજ આપજ છો.

સપ્તરૂષિ— (ગીતિ)

સપ્તરૂષિતો કહે છે, સંભુ અમને કેમ બોલાવ્યા;
આગ્ના સીસ ચડાવું, તમ કેવા પ્રમાણે આવ્યા.

સંકર—હે મહારાજ આપ પુજનીક મુર્તીયો છો. આપણને કોઇ પ્રાણી દંડવૃત ન કરે તો તે પ્રાણી રૌ રૌ નર્કમાં જાય છે. ને તે બ્રાહ્મણને નમે નહી ને બ્રાહ્મણની નીંદા કરે તો તેમના પુરવજો સાત પેઢી સુધી નર્ક ભુકત માન કરે છે. હે રૂષિરાજ આપણને બોલાવ્યા છે કારણ કે સંકરને પુત્ર નથી માટે જો થાય તો તારકાસુર નામનો દહીતછે તેનુ મરણ થાય માટે હે રૂષિરાજ આપ હીમાચળને ત્યાં પધારો. ને હીમાચળને ઘટતો બોધ કરો જેથી ઉપદેસ કરો કે એમની પુત્રીછે તેમને અરપણ કરે.

સપ્તરૂષિ—જેવી સંકરની આજ્ઞા.

(ઝીંઝોટ તાલ ત્રીતાલ)

જાઉં રે હીમાચલ પાસે, સંભુજી મારા.

કામ સતી રતીનું, જોઇને રૂદન આજ;
સરવે દેવો ત્યાં આવીયા, કરો અમારૂ કાજ.
માટે સંભાળી સોહાગ, આપોક હુ મારાજ;
દેવની વીનંતી સુણી, કરોની રૂડુ કાજ.

હે મહારાજ આપ કૃપા કરીને. કામદેવને સજીવન કરો એવી અમારી અરજ છે કારણુ કે કામની સ્ત્રીનું કલ્પાંત અમો દેવ માત્રથી જોઇ શકતુ નથી. માટે હે કૃપાનાથ એને સંજીવન કરો. એવી સરવેની વીનંતી છે.

સંકર—સંકર કહેવા લાગ્યા કે મારાથી એ પાપી બલીને ભસ્મ થયો છે. માટે મારાથીએ સજીવન થવાનો નથી. માટે હું કહુ તે સાંભલો. દ્વાપર યુગ ઉતર તાં વીષ્ણુનો કૃષ્ણ અવતાર થવાનો છે તેમનાં પટરાંણી રૂક્ષ્માંણી થસે. તેમના ઉદરથી કામ અવ તરસે. કામને સમરાસુર દઈત હરણ કરી જસે માટે હે દેવો રતીને કહેવું કે તુ સમરાસુરની દાસી થઇને રહે. ને ત્યાં રસોઇનું કામ કરજો. એટલે ઘણા કાલ ગયા બાદ સમરાસુર કામનુ હરણ કરી લાવસે. તે રતીને સોપસે. એટલે રતી તે કામને ઊછેરીને મોટો કરશે. એટલે પોતાના પતીનું પુરવેનુ ઓલખાણુ થાસે. એ પ્રમાણે રતીને આગ્ના આપો.

દેવો—તમામ દેવ માત્ર કહેવા લાગ્યા કે. અહો સતી તમે

....જાવો અહીયાંથી દુર-વદે-નાનારે જાજારે (૨) વીકારી

પાર્વતિ—અહો યોગીરાજ તમોએ સંકરની નીંદ્રા કરી. માટે તમારા બોલવા ઉપરથી તમો યોગીરાજ નથી ને કોઇ પ્રપંચી જણાવ છો. પણ આ વખતે હું આપણને શ્રાપ આપત. પણ વૃદ્ધ સ્વરૂપ જાંણીને જતા કરૂ છું ને વળી સંકરનો અવતાર એવો છે કે એમની જે પ્રાણી સેવા કરે છે. તો તેમની કામના સકર સારી રીતે પરી પુરણ કરે છે. માટે જોગીરાજ આપ સંકરની નીંદયા કરસો નહી. કેવત મુજબ છે કે વીષ્નુનો ભકત થઇ સંકરની નીદ્રા કરે તો તે પ્રાણી રો રો નર્કસ્થાનનો વાસ ભુકતમાન કરે છે. એમાં ખોટુ નથી. ને કદાપી સંકરનો ભકત થઇને વીષ્નુંની નીંદયા કરે તો તે પણ પ્રાણી રોરો નર્કમાં જાય છે. ને નીદ્રા વાલો પ્રાંણી ઘણા કાલ નર્ક ભુકતમાન કરે છે. એ બરોબર છે. પછી સતીએ વીચાર્યું કે એ પાપી ફરીથી. સંકરની નીદ્રા કરસે માટે હે દાસી તું વલી કહે કે ફરીથી સંકરની નીદ્રા કરે નહી.

દાસી—જેવી માતુશ્રીની આજ્ઞા.

પાર્વતિ—મારે આ સ્થળને વીસે હવે રહેવું નથી કારણ કે આ જગાયે. એવા ઢાંગી ધુતારા સાધુઓ આવી મને ધ્યાન ધરવાદે નહી. માટે આ સ્થલ છોડી

પૃથ્વી તથા સર્વના સાક્ષી રૂપી આત્મા એ સરવે રૂપે આપજ છો. આપના શ્વરૂપને જાણનારા પરીપકવ બુદ્ધી વાળા પુરૂસો પોતાની વાંણી વડે આપના શ્વરૂપનું જુદુ જુદુ કથન કરે છે. હું આ જગતમાં આપનાથી કોઇ પણ પ્રથક પ્રથક દેખાતો નથી. તો સકલ જડ ચૈતન્ય રૂપે હે જગદ્દાધાર મહારાજ આપજ છો.

સપ્તરૂષિ— (ગીતિ)

સપ્તરૂષિતો કહે છે, સંભુ અમને કેમ બોલાવ્યા;
આગ્ના સીસ ચડાવું, તમ કેવા પ્રમાણે આવ્યા.

સંકર—હે મહારાજ આપ પુજનીક મુર્તીયો છો. આપણને કોઇ પ્રાણી દંડવૃત ન કરે તો તે પ્રાણી રૈ રૈ નર્કમાં જાય છે. ને તે બ્રાહ્મણને નમે નહી ને બ્રાહ્મણની નીંદા કરે તો તેમના પુરવજો સાત પેઢી સુધી નર્ક ભુકત માન કરે છે. હે રૂષિરાજ આપણને બોલાવ્યા છે કારણ કે સંકરને પુત્ર નથી માટે જો થાય તો તારકાસુર નામનો દ્હીતછે તેનુ મરણ થાય માટે હે રૂષિરાજ આપ હીમાચળને ત્યાં પધારો. ને હીમાચળને ઘટતો બોધ કરો જેથી ઉપદેસ કરો કે એમની પુત્રીછે તેમને અરપણ કરે.

સપ્તરૂષિ—જેવી સંકરની આગ્ના.

(ઝીલો૦ તાલ [illegible])

જાઉં છું રે હીમાચલ [illegible]

સંભુજી મારા અરે હાં સંભુજી મારા. (જાવુછુ હીમા)
ગંગાધારી છો ત્રીપુરારી, સાય કરો મારી.
પ્રભુ મારા છો પ્યારા, ગુણ સારા, ચીતધારા.
સંભુ તે વખતે તનમન અરપુછું હું મારા. (જાવુ૦)
આપ કૃપાથી કામ તો થાસે, જોડી કહુ હાથે,
રાખો લાજે નકી થાસે તમદાસે જોડી હાથે.
સંભુ તનમન અરપી દેઇને સીધ કરો કાજે. (જાવુ૦)

સંકર—સંકર કહે જાવો તમે, વચન સીધ થાસે.
સત્ય કહુછુ, સુણી રહુ છું, ચીત લઉછુ, પ્રીતે જઉછું.
માટે આપ પધારી, સીધ કરજો કહુછુ આજે. (જાવુછુ)

સપ્તરૂષિ—મહારાજ આપની આગ્ના લેઇ. હીમાચળને ઘેર જાઉછુ—એમ કહી હીમાચળને ત્યાં સપ્તરૂષિ પધાર્યા એટલે હીમાચળે ઊઠીને સપ્તરૂષિને આસન આપ્યું. ને પ્રેમ પુર્વક અર્ધ પાદ્યવડે પુજા કરી કહ્યું કે મહારાજ આપે પધારીને મારૂ ઘર પાવન કર્યું.

રૂષિ—ગીરારાજ તમારા ભાગ્યનો પાર નથી. કારણ કે તું સંકરને ગમ્યો. માટે તારી પુત્રી જે છે તે અરપીને તુ ખુસી થા. કારણ કે સંકર જગત ગુરૂ છે. તેના સસરા તમો થસો. તારી સ્ત્રી મેનાં સંકરનાં સાસુ થસે. તારી પુત્રી જે પાર્વતી છે તે કાત્યાયીની એટલે

મુલ પ્રકૃતી મંમાયાનો અવતાર છે તથા આદી અનાદી સીવ સકતી એકજ છે માટે સંકર સીવાય તારી પુત્રી બીજાને વરવા યોગ્ય નથી. તે પ્રમાણે અરૂંધતી મેનાને સમજાવે છે. એવુ સુણી હીમાચળ પ્રસન્ન થઓ. એટલે હીમાચળે શ્રીફલના તથા સોનાની મોરના લાવીને સપ્ત રૂષિના હસ્તમાં મુકી દીધી એટલે સપ્ત રૂષિ ત્યાંથી ઉઠીને કૈલાસમાં પધાર્યા. સંકરને કહ્યું કે મહારાજ તમારૂ સીદ્ધ કામ થયું ને લગનના દીવસ ૪ આડા રહ્યા છે. માટે અમો અમારા ધામે પધારીશું.

સંકર—પધારો મહારાજ પણ આપ મારા ગુરૂ છો ને મારા ગોર પણ આપજ છો પણ ફરીથી કૃપા કરીને ફરી વેલા પધારશો.

રૂષિ—બહુ સારૂં મહારાજ આપની આજ્ઞા.

સંકર—વીચાર કરે છે કે લગ્નના દીવસ ૪ આડા રહયા છે માટે મારે શું કરવું એવું ધારી નારદ રૂષિનું ધ્યાન ધર્યું. એટલામાં બ્રહ્માના પુત્ર નાર્દરૂષિ ત્યાં પધારે છે એટલે સંકરે કહ્યું કે પધારો રૂષિરાજ એમ કહી નારદજીને આસન આપ્યું.

સંકર—નારદજી લગ્ન નજીક આવ્યું માટે આપ કૃપા કરીને વિલંબ ન થાય તેમ સરવે દેવોને નોંતરાં દેઇ આવો.

નારદ— (માન માયાના કરનારા—રાગ.)

સંભુ નોતરાં દેવા હું જાવું રે, ક્ષણુ એકમાં પાછો આવું.
એમ કહીને નારદ ચાલ્યા, આવ્યા છે વીશ્નુની પાસે.
સંકરના વિહુવામાં વેલા પધારો, જોડીને કહુછુ બે હાથે. સંભુનાં.
એવુ કહીને નારદ ચાલ્યા, ફરી વર્યા બ્રહ્મ લોક,
સ્વરગ મૃત્યુ પાતાલ સુધાં, બાકીના રહયા છે કોક રે. સંભુનાં.
નોતરાં દેઈને નારદ આવ્યા, જ્યાં છે ગીરી કૈલાશે.
સંકર સાંમા આવી ઉભા, વીનવે છે રૂષિરાજ રે. સંભુનાં.

હે પીતાજી આપની આજ્ઞા પ્રમાણે નોતરા દેઇ આવ્યો છું ને સ્વર્ગ મૃત્યુ પાતાલ સુધાં ફરી વર્યોછુ.

સંકર—બહુ સારૂ.

રૂષિઓ— (ગીતિ)

આવ્યા બ્રહ્મા વિશ્નુ સાથે, ઇંદ્રાદીક સાથે આવ્યા.
તેત્રીસ કોટી દેવ, તે પણુ સંકરને મન સહુ ભાવ્યા.
ઇઠયાસી સહસ્ત્ર રૂષિ આવ્યા, સાથે રૂષિપત્ની લાવ્યા.
તમામ દેવ પત્નીયો, આનંદે સહુ કૈલાસે આવ્યા.

તમામ દેવો બ્રહ્મા, વિશ્નુ, ઇંદ્ર, ચંદ્ર, વરૂણુ, કુબેર વીગેરે ઇઠયાસી સહસ્ત્ર રૂષિઓ તથા પોતાની પત્નીયો સાથે કૈલાસમાં શ્રી માહાદેવના લગન સમારંભમાં આવ્યા ને પોતપોતાના ડેરા તંબુ કૈલાસે તાંણી પડાવ નાંખ્યો છે. ને તે વખતે સંકર ઘણુા ખુશી થયા કરે છે.

તમામ દેવ પત્નીઓ એકઠાં થઇ લગ્નમાં ગવાતાં ગીતો ગાય છે.

(ગીત) ઘોલ.

ઋષિપત્નીઓ—

સપ્ત માત્રીકા પીઠી ચોળે સીવને.
ત્યાં તો આનંદ, અતી બહુ થાય. સીવને ત્યાં અતી ગમે.
પીઠી ચોળતાં સરવે ખુસી થયાં.
ગાતાં ગીત મધુરાં, અતીસાર. (સીવને ત્યાં)
નવડાવ્યા સીવને, ત્યાંતો તે સમે.
વસ્ત્ર અલંકાર, પેરાવ્યાં સાર. (સીવને ત્યાં)
સિવની આંખ, આંજીને નારી હસે.
કર્યાં ગાલે ટીબકાં, તેણી વાર. (સીવને ત્યાં)
હાથમાં શ્રીફલ, આપ્યું તે સમે.
થયા વૃષભ ઉપર અસવાર. (સીવને ત્યાં)

એ પ્રમાણે સપ્ત માત્રીકાયે માહાદેવને પીઠી ચોળી નાના પ્રકાર વડે સ્નાન કરાવી ને વસ્ત્રાલંકાર ધારણ કર્યા. ને વૃસભ ઉપર બેસાડી ને સંકરની જાન કૈલાસની ભાગોલે નીકળી.

(ગીતિ)

વીદુસક—

તેને સમે સહુ ત્યાંતો, ભુત ભેરવ સાથે લીધાં,
ડાકેણ સાકણ સુધાં, ચુડેલ પીસાચ તૈયાર કીધાં

હે મારા વાલા વાંચકો સંકરની જાન જોવા લાયક નીસરી છે તેમાં ભુતાવળી ભેરવ, પીસાચ, ડાકેણ, સાકેણ, જંતર વ્યં-

તર ને મોટા મોટા વીરો વીગરે દેવો સહીત હીમાચલ પર્વતની ભાગોળે આવી પોચ્યા. વાહુરે ભાઇઓ સંકરે નાના પ્રકારના દાગીના તો કેવા ધારણ કર્યા છે. કે મોટા મોટા વીષધર સર્પે કોટમાં વીંટાયેલા છે ને સરીર ઉપર પણ ભરવો દીધા છે ને જટા પણ ભયંકર માથા ઉપર વીરાજમાન થઇ રહી છે. ને આખા સરીરે ભસ્મ ધારણ કરી દીધી છે. ને ખભા ઉપર જોલી સેલી સીંગી ભરવી છે. ને હસ્તમાં ડમરૂ ધારણ કરેલું છે. એ પ્રમાણે જાન સોભી રહેલી છે.

પીસાચો ગાય છે— (ગાયન)

જાવ જાવ જાવ, સંકર સાથે જાવ.
પ્રેમ આંણી અતી ઘણો, કંસાર ઘી ખાવ.
ડાક ડમરૂક લઇ, કેવું તો બજાવ.
સંકર આગલ નાચી, સહુ પ્રસંન્ન થાવ.
ડાક ડમરૂખ ને, રૂડી સીંગડિ.
તેને તો બજાવે, સહુ આડાં પડી.
દાંત કાડી બારણે, પીસાચ બતાવતાં.
આડાં પડી નાચી, ખુદી સીસ નમાવતાં.

આ પ્રમાણે પીસાચો પણ પોતાના મનમાં ઘણાં હરખાયા કરે છે.

પ્રવેશ ૨ બીજો.

સ્થલ હીમાચલના મંડપનો દેખાવ.

પાત્રો હીમાચળ–તથા મેના પારવતિ–સખીઓ–હીમાચલ ભ્રાતુ, ત્રીકુટ, વિધ્યાચલ, ગંધમાદન, આબુગીરી, સીપાઇઓ વીગરે.

હીમાચલને ત્યાં સરવે બૈરાં ગીત ગાય છે.

સરવે બૈરાં— (રાગ ધોલ)

જીરે હીમાચળે, વિહુવા માંડીયો.
આવ્યો લગનનો દીવસ આજ. (હીમાચળે)
ધન્ય પારવતિ, બેની આપણાં.
તેના ભાગ્ય તણો નહી પાર. (હીમાચળે)
ગાતી ગીત મધુરાં ત્યાં સુંદરી.
જાને આવશે દેવો સંકર સાથ. (હીમાચળે)
એટલે વધાઇ આવી જાંનની,
હીમાચળ અતી ખુશી થાય. (હીમાચળે)
પોતે ભ્રાતોને લીધા છે સાથમાં.
ચાલ્યો ગળ્યા પાણીનો લોટો હાથ. (હીમાચળે)
વાજતે ગાજતે સામઇયા કારણે.
આવ્યા પ્રેમથી સહુ બાગોલે. (હીમાચળે)

સામઇયુ બાગોલે જઇને ગળ્યું પાંણી આપ્યું ને જાન ત્યાંથી ગામમાં આણી ને જાનીવાસો આવ્યો. ને માચહી

પોતાના ભાઇઓ સાથે ઘેર આવ્યા ને ત્યાંથી મેનાં વીગેરે બૈરાં કલવો લઇ આવ્યાં ને કલવો ખવડાવ્યો. પણ મેનાને તે વખતે સંકર સ્વરૂપ જોવામાં આવ્યું ન હતુ. ત્યાં સંકરને ઉંઘ લાવી. ને જાન બજારમાં આવવાની તૈયારી થઇ એટલે હીમાચળ કહેવા લાગ્યા.

હીમાચળ— (ગીતી)

હીમાચળ તો કહે છે, સપ્ત રૂષિ તમે સુણો વાત મારી.
વર ઉઘલાવો વેહેલા ઝટ કરોની તમે તો તૈયારી.

નારદજી— (ગાયન)

અહો નારદ મારૂં નામરે, સહુ જાણે છે તમામરે
મેનાં પાસે જલદી જાવું, કરાવું ત્યાં તો કલેસરે.
ત્યારે મુજને જંપતો વળસે, મોટો કરાવું દ્વસરે. (અહો)
એમ કહીને મેનાં પાસે, આવીયા નારદ સુન્યરે.
પ્રેમે આંણી આસન આપ્યું, નરહી કંઇ નુન્યરે. (અહો)
નારદ રૂષિ આપ પધારી, કૃપા કરી મહારાજરે.
હસ્ત જોડી તમોને કહછું, કહો મમ સરખુ કાજરે. (અહો)

ન.રદ—અહો મેનાં તારા ભાગ્ય નો તો પારજ નથી શંકર આપ જાતે પરણવા પધાર્યાછે. માટે તું મારી સાથે ચાલ્ય. જે તારો મેલ છે તે મેલના ધાબામાં પધારે એટલે હુ તારો જમાત્ર બતાંવુ એવું નારદજીએ કહ્યું એટલે મેનાં નારદજી સાથે ધાબામાં સંકરનું

સ્વરૂપ જોવા આવી ઉભાં રહ્યાંછે એટલામાં સંકરની જાન ભર બજારમાં ઝપાટા બંધ આવેછે તે વખતે હીમાચલના નગૃમાં બજારમાં મનુંષ્યોની મેદની ખીચો ખીચ સાંમા સામી ભરાઇછે ને રસ્તામાં માણુસ ને આડુ ઉતરવાનો માગ નથી ને મકાનો સામા સામી મળી ગયાછે એ પ્રમાણે બજારની સોભા આવી રહી છે ઇંદ્રપુરી સમાન એનગૃની સોભાછે.

સ્રીઓ ગાયછે (ગીતી)

જુવો જુવોરે જગતના લોક, સંકરની ઘોડસી.
નહિ ઘોઇ સંકર તૈયાર થયારે, બેઠા વૃષભ ઉપસાર.
હાથમાં શ્રીફ્ળ ઝાલીયુરે, માથે જટા દીસે વીસાલ. (સંકર)
ઘરેણામાં મોટા સર્પ છેરે, આંખ લાલચોળ વીસાળ.
માયાવી રૂપ પોતે ધર્યુંરે, જુવોને સંકરનો ખ્યાલ. (સંકર)
ભુત ભૈરવ જેની સાથમાંરે, ઇંદ્રાદીક સહુ દેવ.
બ્રંહ્મા વીસ્નું સાથમાંરે, સુય ચંદ્ર ચાલ્યા તતખેવ (શંકર)
એવું રૂપ પોતે ધર્યુંરે, તે જુવોની સરવે સાથ.
કરજોડી વાંણી ઉચરેરે, એતો કહે મગનદાસ. (શંકર)

આ પ્રમાણે સંકરનો વરઘોડો નીસરો છે ને આગલ અપછરાઓ નૃત્ય કરે છે. ને ગાંધર્વો ગાય છે. ને બ્રહ્મા રાચ મુખે વેદાચાર કરે છે. એ રીતે વાજતે ગાજતે બજારમાં આવ્યા. એટલે પ્રથમ આગળ ઇંદ્રરાજા આવ્યા. તેમની

પાછલ બીજા દેવો પણ આવે છે તે આવતા મેનાંએ દીઠા.

મેના—અહો રૂષિ આ કોણ આવે છે.

નારદજી—એ તો ઇંદ્રાદી દેવ છે. તમારા જામાત્ર તો પાછલ છે.

મેના—મહારાજ મારા જામાત્ર કેવા છે તે મને કૃપા કરીને બતાવસો, કારણ દેવોનું આવું સ્વરૂપ છે. તો મારા જામાત્રમાં સું બાકી હશે.

નારદજી—હે સતી તેમના સ્વરૂપનો પાર નથી. જોવાથી ખાત્રી થસે.

(ગીતિ.)

નારદ ત્યાંતો કહે છે, સતિ સાંભળો વાત એક મારી;
જામાત્ર તારાતો આવ્યા, નર જો તું શ્રી ત્રીપુરારી.

એવું કહેતામાં મેનાએ સામુ જોયું. તો સંકરનો વેસ ઘણો અદભુત સ્વરૂપથી જોવામાં આવ્યો કે એવું સ્વરૂપ કોઇ દીવસ પણ જોઇ સકેલાં નહી એથી કરીને એકદમ સ્તબ્ધ બની ગયાં જેથી મુરચ્છા થઇ.

મેના— (વિલાપ)

સીવજીને નજરે ભાળીને, મુરછા પાંમી છે નાર્ય,
મુરછા વળી છે તે સમે, કરવા લાગી છે પોકાર. હાયહાય હવે સું કરૂં.
જન્મારો બગડયો સુતા તણો ભીક્ષુક મલ્યો ભરથાર.
સે' ના રહી હું તો વાંજણી, ગર્ભ ગાલ્યો ન આવાર. હાયહાય.

અહો સુતા તને ધીક છે, ધીક ધીક તુજ અવતાર;
ધીક ચતુરાઇ તાહયરી, તપને છે ધીક આ વાર. હાયહાય.
દેવો જેવો સ્વાંમી છોડીને, ઇછયો યોગી ભરથાર;
ઘણું આવે તુને સું કહું, છુટી પડયો અવતાર. હાયહાય.
કુટુંબ મારૂં તેં લજાવીયું, લજાવ્યાં માત ને તાત.
વિખ ઘોરીને હવે પિવું, આવા મલ્યારે જામાત્ર. હાયહાય.
નારદ—નારદ ધીરજ આપતા, વીચારો સતી અંન.
સંકર જાતે પધારીયા, સીદ કરો છો કલપાંત. હાયહાય.
મેના—મેના કહે છે અલ્યા જોગટા, જાણ્યો તારો પ્રપંચ.
પુત્રીને મારી તેં સીખવી, કાડી તેં તારે વંન. હાયહાય.

દીક્પાલ—હે મેનાં એ તો સાક્ષાત પોતે સંકર છે. માટે એમને વેલાસર પોંકો કારણ લગ્નનો સમય વિતી જશે.

મેના—હે મહારાજ આપ કહો છો પણ એકદમ બનવાનું નથી.

સપ્તરૂષિ—હે મેના એ પોતે શદાસીવ રૂપ છે માટે કદાપી કપટની વાત નથી જેથી પોંકવા વીલંબ થાય નહિ.

મેના—આપ મને તમારૂ મુખારવિંદ બતાવસો નહી. એટલે સપ્તરૂષિ બોલતા બંધ થયા.

બ્રહ્મા—હે સતી વાર લગાડસો નહી. ને સંકરને પોંકો.

મેના—મહારાજ આપ કહો છો તે ખરૂ છે પણ સંકરનુ સ્વરૂપ જોઇને હું પોંકવાની નથી. ને મારા કેવા પ્રમાણે ખાત્રી રાખજો.

હીમાચળ—હે સ્ત્રી આપ ખોટુ દેખાડસો નહી.

(ગાયન.)

હીમાચળ—જરા માન જરા માન, સું થાયે હેવાન.
મેના—નાના નાના નહી, હુંતો ભુલીછુ ભાન. (જરા માન)
હીમાચળ—સિદ્ધ થાવો હેવાન, જરા રાખોની ભાન.
મેના—નહી પોંકુ હુંતો નહી પોંકુ, ખોટુ બોલો નાદાન.(જરમાન)
હીમાચળ—સાક્ષાત સંકર એ છે, દેવો સહુ સેવામાં છે.
મેના—આપણુ વચન સત્ય છે, પણ સંકર એ કયાં છે. (જરામાન)

(રાગ) (બનજારો.)

સ્વાંમી અરજ સુણો અમારી, નહી પોંકુ ત્રીપુરારી.
ભલે દેહની થાસે ખુવારી, નહી પાકું ત્રીપુરારી. (ટેક)
પુત્રીને લઇને સાર, પડુ સમુદ્રમાં આવાર,
તેથી દુખ થસે બહુ ભારી, નહી પાંકુ ત્રીપુરારી.
માટે સાચુ કહુછુ આજ, નહી પરણાવુ મહારાજ.
લેજો અરજી મારી સ્વીકારી, નહી પોંકુ ત્રીપુરારી.
એ જોગટો દીસે આપ, ગળામાં મોટા સાપ.
જેથી છળે પુત્રી મારી, નહી પોંકુ ત્રીપુરારી.
એ નંદી ઉપર સ્વાર, સ્મસાનમાં રહેનાર.
આક ધંતુરો ભાંગજ ભારી, નહી પોંકુ ત્રીપુરારી.

મેના—હે પ્રાણપતી એ વાત કદી પણ બનાવાની નથી.
ને કદાપી પોંકવાની નથી. એમ નક્કી ખાત્રી સમજવી

એટલામાં પાર્વતી આવીને એમનાં માતુને કહેવા લાગ્યાં તે મેના સાંભલે છે.

પારવતી મેનાને કહે છે— (મારા મનમાં)

મારા મનમાં તંનમાં એતો વસ્યા છે, રસીક રૂપાળા એ જોગી.
સાંભળો કહુછુ માતા અમારી, અરજી લેજો ઉરમાં ધારી.
સત્યવચન મારૂં તમે માનો, વરવાની હું તો સુલપાણી. (મારામન)
જાજાની કહુછુ હું તો મુખ તારૂ ન બતાવીસ તું તો.
હું તો તુજને કહુ ખંખારી, તારા તપને છે ધીકારી. (મારામન)

મેના—અરે દુષ્ટ તારા તપને ધીકાર છે. એમ કહીને પાર્વતી-ને એકાએક બે ચાર લાતો મારી એટલમાં સપ્તરૂષિએ આવીને પાર્વતીને છોડાવ્યાં.

વીશ્નુ—મેનાં તમારે ત્યાં સાક્ષાત સંકરરૂપ પધાર્યા છે. કદાપી સંકર ન હોય તો અમો દેવ પણ એમની સાથે આવત નહી. માટે જરા વીચાર કરીને પોંકવા ઊઠો, નહિતો તમારા ઘરનો તમામ ભરમ ઉઠી જશે. કારણ કે દેવો પણ તમાસા જુવે છે. માટે વીચારો.

વીશ્નુ— (ગીતિ)

વિહ્વા ફોક ન થાએ, સત્ય વચન મારૂં ધારો.
સતી કહુછુ તમને, અરજ એટલી મુજ સ્વીકારો.

“હે સતી વિહ્વા ફોક થાય નહી. ને જે માણસ વિહ્વા ફોક કરે છે તે પ્રાણી નર્કનો અધીકારી થાય છે. એટલામાં

સંકરે માયાવી રૂપ બંધ કરીને પોતાનુ મુળ સ્વરૂપ ધારણુ કરી પોતે ઉભા રહ્યા વીર્નું મેનાને કહે છે.

(ગીતિ)

સતી ઊઠોને આજ, પોંકવાને તો ત્રીપુરારી.
ક્રોધ સંકરને ચડસે, આખી સૃષ્ટી દેસે બાળી.

નારદ—એટલામાં નારદરૂષિ દોડતા દોડતા આવીને મેનાને કેહેવા લાગ્યા કે અહો મેના તમો મારી સાથે પધારો તો સંકરનુ સ્વરૂપ તમોને બતાવું.

મેના—બહુ સારૂ મહારાજ ચાલો ત્યારે. એવુ કહી સંકરની પાસે મેના આવ્યા. ને સંકરનું સ્વરૂપ જોઇને એકા એક ચકીત થઇ ગયાં ને કહેવા લાગ્યાં. અહો પ્રભુ મારા બારણે આવા જામાત્ર પધાર્યા છે. ને સંકરની સાથેના દેવોને જોઇને પણ મેનાં ખુસ થવા લાગ્યાં.

સુત્રધાર—મારા વાલા વાચકો સંકર એક માસ સુધી તોરણે ઊભા રહ્યા. ત્યારથી સાસ્ત્રવાલાએ મીન સંક્રાંતી ધારી. એને મીનારક કહ્યાં. એટલે એ માસમાં લગ્ન વીગરે કંઇ પણ થાય નહી. એટલામાં મેનાએ સંકરને પોંકવાની સાહીત્ય તઇયાર કરી.

(આરેણુ શુંથી લાવ્ય)

મેના આવી પોંકવા નીરધાર, ન લગાડી જાજીરે વાર.
જટ તૈયાર થઇ મેના નાર, મેના આવી પોંકવા નીરધાર. (ટેક)
ડાબે હાથે થાળી ઝાલી સારી, માથે મોડ મુકી થઇ રૂપાળી.

જમણે હાથે ઝાલી સુવર્ણ ઝારી, મેના આવી પોંકવા નીરધાર.
સીવને કપાળે ચાંદલો કીધો, પુષ્પ હાર અરપીરે દીધો.
પછી પોંકવાનો આરંભ કીધો, મેનાં આવી પોંકવા નીરધાર.
જુંસર મુસર રવઇ ચોસાર, સરીયા સંપુટ ત્રાક વીસાળ.
દીડી પીંડી ઊતાર્યાં નીરધાર, મેનાં આવી પોંકવા નીરધાર.
એવે મનમાં રાખ્યો છે ટેક, થારીમાં મોર મુકી એક.
ત્યાં તો લોક ભરાયા થોકાથોક, મેનાં આવી પોંકવા નીરધાર.
પોંકીને પાછાં વર્યાં જ્યારે, પુંઠલ સંકર આવ્યા ત્યારે.
મંડપમાં પધાર્યો નીરધાર, મેનાં આવી પોંકવા નીરધાર.

" એટલામાં સંકર માંયરામાં પધાર્યો ને બાજટે બીરાજમાન થયા. "

(હીમાચળને ત્યાં સ્ત્રીઓ ગાય છે.)

(જોડકડાં)

ગણપતિ સરસ્વતીના ગુણ ગાઉં પ્રેમે પદ પુજી પાવન થાઉં (૨)
મેનાં ઘરમાંઆવ્યાં છે જ્યારે, હીમાચળ પ્રતે ઊચર્યાં છે ત્યારે (૨)
સ્વાંમી નારે ચડાવસો રીસ, તમને નમાવી કહુછુ શીસ. (૨)
આજનો દીવસ સારો કાવ્યા, સંકર આપણે ઘેર પધાર્યા. (૨)
માટે ન લગાડવી કંઇ વાર, પાર્વતી બેનને કરો તૈયાર (૨)
ચુડો પાંનેતર પેરાવ્યાં સાર, માંમાએ કેડે બેસાડયાં નીરધાર (૨)
મામાએ કન્યા પધરાવ્યાંજ્યારે, બ્રહ્માએ વેદ ભણ્યા છે ત્યારે (૨)
આડા અંતરપટ ત્યાં તાંણે, બ્રહ્મા મંગળાસ્ટક ત્યાંતો ભણે. (૨)

બ્રહ્મા હીમાચળ પ્રતે કહે છે, હીમાચળ કંન્યાદાન ત્યાં દે છે. (૨)
બ્રહ્માએ વરમાલ આરોપી તદાચ, કંન્યાનો હસ્ત મેળાપક થાય. (૨)
ત્યાંતો વેદ ભણે છે બ્રહ્માય, મંડપમાં જયજયકાર થાય. (૨)
સંકરે મનમાં રાખી છે ધીર, ઊમીયાના અંગથી ખસ્યું ચીર. (૨)
પાર્વતીનું ચીર ખસ્યું છે જ્યારે, બ્રહ્માનું મન ચળીત થયુ ત્યારે. (૨)
સંકરને ક્રોધ ચડયો છે અપાર બ્રહ્મા કહે ગુનો કરો મારો માફ. (૨)
એટલે વીશ્નુજી ત્યાં તો આવ્યા, સંકરને ઘણી રીતે સમજાવ્યા. (૨)

વીશ્નું—હે સંકર આપ ક્રોધ કરોછો પણ એ સાક્ષાત જુગતંબાનો અવતાર છે. ને મોહની સ્વરૂપ પણ એ છે માટે બ્રહ્માનો દોસ નથી. માટે ગમે તેમ કરી બ્રહ્માને પાવન કરો. જેથી લગનનું કામ સરૂ થાય. એવુ સાંભળી સંકર મહા પ્રસંન્ન થયા. ને તેજ વખતે પોતાની જટા ઉકેલીને તેમાંથી ગંગા કાઢીને બ્રહ્માને નવડાવ્યા. જેથી પાવન થયા. એટલે બ્રહ્માએ સંકરને પોતાનું મુસ્તક નમાવી દંડ વૃત કર્યો. પછીથી બ્રહ્મા નીરાપરાધ થયા. એટલે લગ્નનું કામ ચાલુ કર્યુ. ને લગ્ન વીધીપુર્વક કરાવ્યું. વર કન્યા પરણી રહયા બાદ ગોત્રજને પગે લગાડયાં. ત્યાર બાદ જાન માત્ર જમવા સારૂં બેઠી તે તમામ જાન માત્ર જમી ઉઠી. રહયા પછી હીમાચલે લોકીક વેવાર પ્રમાણે પેરામણી આપી. ને સંકરનું મન

સંતુસ્ટ કર્યું. ત્યાર બાદ વરકંન્યા વરાવ્યાંને ભાગોળે પેંડુ સીકાવ્યું. એટલે જાન જાવા લાગી.

મેના—હે પુત્રી સાસરે પધારો છો પણુ કેવી રીતે વરતવું, તે સાંભલો.

પાર્વતી—બહુ સારૂં માતુશ્રી આપનું કહેવું સત્ય છે જેવી આપની આજ્ઞા.

મેના— (ગાયન)

મેના કહે મારી દીકરી, કહુંછુ તુજને આજ.
સાસરે તમો પધારીને, કરો રૂડાં કાજ. (મેનાં કહે મારી દીકરી)
કોઇ દીન ક્રોધ ન કરવો, રેવુ અતી હોંસીયાર.
માતાની અરજ એજ છે, પુત્રી કહ્યું તને આવાર. (મેનાં કહે)
સ્વામી પહેલુ જમવુ નહી, સુવુ નહી નીરધાર;
પતી વચન મુસ્તક ધરવું, કરવો સારો વિચાર. (મેનાં કહે)
સ્વાંમી ગમતી વાંણી કેવી, પાલવી આગનાય.
ખરૂ ખોટુ પણુ તે કહે, તેની ન કરવી નિંદાય. (મેનાં કહે)
વણુ કામે પર ઘેર ન જવું, સતીનો ધર્મ એહ.
પોતાના ઘરનું છીદ્ર તો, કાઢવુ નહીતો તેહ. (મેનાં કહે)
એટલી અરજ મારી સુણો, ધરજો તમે કાન.
માત પીતાનું સારૂ કાવજો, રાખજો સારૂ ભાન. (મેનાં કહે)

" હે બેન માતા ત્થા પીતાનું સારૂ કાવજો. ને મારી કહેલી શીક્ષા ધ્યાનમાં રાખજો. કદાપી તમારા ત્રફનો ઠપકો આવે નહી. એટલી મારી કેવાની ફરજ છે.

પાર્વતી—વારૂ માતુશ્રી આપે કહ્યું તે મારી ધ્યાનમાં છે. હીમાચળ ભાગોળેથી જાન વાળાઓને નમસ્કાર કરીને જાન વીદાય કરી. પછી પોતે પોતાના મહેલમાં આવ્યા. ને સંકર પોતે જાન સાથે કૈલાસમાં સુખ રૂપથી પધાર્યા છે.

પ્રવેશ ૩ ત્રીજો.

સ્થળ સંકરનો કૈલાસ.

પાત્રો. સંકર. પાર્વતી. દેવો. ગણ. ઇંદ્રરાજા. તથા. અગનદેવ દેવો.

દેવો— (સરસ્વતીને નમીએ)

જાઇએ અમે સહુ ઘેરરે, અહો સંકર મારા; અહો.
આજ્ઞા આપો ઘેર જઇએ, ગુણ સંકરના ગાઇએ;
તેથીતો સહુ સુખી રહીએ, કૃપા કરો મહારાજરે (અહો સંકર)
સંકર—એવુ સુણીને સંકર વદેછે, દેવો સહુ ધ્યાન ધરેછે.
સંકર ત્યાં આજ્ઞા કરેછે, સહુ જાઓ તમે ધામરે. (અહો સંકર)
કામકાજ હોય તો સુખે કેજો, સંદેશો મોકલાવી દેજો,
અમસરખુ કાંઇ હોયતો કે'વું, ચિંતા ના ધરશો આપરે (અહો)
આજ્ઞા લઇ સહુ દેવ ચાલ્યા, પોતપોતાના ધામે આવ્યા;
સપ્તરૂષિ પણ કેવા લાગ્યા, આપો અમને આજ્ઞારે (અહો સંકર)

સપ્તરૂષિ કહેછે કે હે મારાજ દેવો પણ સ્વસ્થાને પધાર્યા મને પણ કૃપા કરીને આજ્ઞા આપો. એવી વીનંતીછે

સંકર—હે રૂષિરાજ તમોએ મને ઘણો ઉપકાર કર્યો છે. માટે

તમારી ઇચ્છા પ્રમાણે મારી પાશે માગો.

સપ્તઋષિ—હે સંકર મારે કંઇપણ જોઇતુ નથી માટે મહા-રાજ હું તો એક આપની અવિચળ ભક્તિ ચાઉં છુ એટલે અસ્તુ કહયુ.

બ્રહ્મા—સંકર પાસે રજા માગી એટલે સંકરે તેમને પણ રજા આપો એટલે બ્રંહ્મા બ્રંહ્મલોકમાં પધાર્યે એ-ટલે વીસ્નુએ પણ રજા માગી. એટલે તેમને રજા આપી એટલે વિસ્નુ પોતે વૈકુંઠમાં પધાર્યા અને સંકર તથા પાર્વતી કૈલાસમાં દીવસ નીર્ગમન કરેછે ત્યાર પછી સંકરને કંઇ પ્રજા થઇ નહિ એટલે મઘવા પતી ઘણો ચીંતાતુર થવા લાગ્યો ને વીચારમાં પડયો.

ઇંદ્રરાજા—અગ્નીને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યુ કે સંકર પાસે જાવ અને એવા ઇલાજથી જાવકે તમો હોલાનું રૂપ ધારણ કરો ને મહાદેવનું વીર્ય ખલીત કરવુ ત્યારબાદ તે વીર્ય ચાંચમાં લેવુ પછી મારી પાસે લાવવુ.

અગ્ની—બહુ સારૂ મહારાજ આપણી આગના.

(ગીતિ)

અગ્ની કહે છે જાવું, સંકર પાર્વતી પાસે.
સિદ્ધતો કારજ કરીસુ, આપ રહો વીશ્વાસે.

એમ કહી અગ્નીદેવ. સંકર તથા. પાર્વતી પાસે આવ્યો. જમણી બાજુએ ઉભો રહીને પોતાનો તાપ સંકરના અંગમાં

લગાડયો. એ તાપ વડે સંકરનુ વીર્ય હોલા રૂપે અગ્નીએ પોતાની ચાંચમાં લીધું. એટલામાં સંકરે પાછળ જોયુ તો પોતાની દ્રષ્ટે અગ્નીદેવ પડયો. અરે દુષ્ટ તુ કોણછું સાચુ કહે નહી તો સીક્ષા કરૂછુ બોલ.

અગ્ની—મહારાજ કહુછુ મને ઇંદ્રરાજાએ મોકલ્યો છે માટે મારો અપરાધ ક્ષમા કરસો એવી અરજ છે.

સંકર—બહુ સારૂ જા ભાઇ. એ વીર્ય તુ મધવા પતીને આપજે.

અગ્ની—મહારાજ આપના કેવા પ્રમાણે આપીસ. એવુ કહી અગ્ની વીર્ય લેઇ ઝપાટામાં જાય છે. એવામાં સું થયું.

વિદુષક— (ગીતી)

અગ્ની વીર્ય લઇને ચાલ્યો, આવ્યો ભર ગંગામાં તે વારે.
વીર્ય તાપ સહન નવ થાયે, જટ ચંચુમાંથી નીકલ્યું ત્યારે;
તેતો પડીયુ ગંગામાં જ્યારે, ગંગાયે તેને કાર્યું ત્યારે.
તે વીર્યનો પુત્રજ થયો, ગંગા કીનારે રહયો તે વારે;

એ પુત્ર ગંગાજીના કીનારે રહયોને મોટો થવા લાગ્યો એ સંકરનો પુત્રનુ નામ કાર્તીક સ્વાંમી. ધારણ કર્યું ને કારતી કરવાંમાં ઊછરીને મોટા થયા. અને યુધની વીધ્યા બરાબર જાણી.

ઇંદ્રરાજા—વિચાર કરવા લાગ્યો. હવે સંકરનો પુત્ર મોટો થયો તેમ મહારથી યોધો પણ થયો. ને એ પુત્રને સેનાધી પતી બનાવ્યો. માટે હું તારકાસુર સામુ યુધ કરીસ. એમ ધારી પોતાના પ્રધાન પ્રત્યે

ઇંદ્રરાજા કેવા લાગ્યો તે પ્રધાન સવણ કરે છે ઇંદ્ર કહે છે.

(હોરી)

સચીવ મારા કહુંછુ તુજને, હવે આવ્યો છે લાગ.
કાર્તીક સ્વાંમી. હવે ઊછરીયો. યુધની ન કરસો વાર (૨) સચીવ.
યુદ્ધની તો તૈયારી કરવી. સૈન્ય કરો તૈઇઆર
કારતીક સ્વાંમી સેનાપતી થાસે, માટે ના લગાડો વાર. (૨) સચીવ.
પ્રધાન કહે છે હે મહારાજા, હુકમ ધરૂ સીર આજ
દેવ સકળ મહોલે કીધા, તંમ કેવા પ્રમાણે કરૂં કાજ (૨) સચીવ.

પ્રધાન કહે છે કે અહો દેવાધિ દેવા આપનું સૈન્ય તૈયાર થઇ ગયુ છે માહારથી યોધા કરતીક સ્વામી થયા છે. વાજતે ગાજતે તમામ સૈન્ય તથા કારતીકસ્વામી સંગાથે સ્રાંણીતપુરની ભાગોલે તમામ સૈન્ય આવી પોચ્યું કે એકદમ મહાજોસથી. સીંહનાદ કર્યો. એટલે સાદ સુણી તારકાસુરને ખબર થઇ.

પ્રવેસ ૪ ચોથો.

સ્થળ શ્રોણીતપુરની ભાગોળ.

પાત્રો. દેવો. તથા. તારકાસુર. પ્રધાન. તેમની સ્રી તારા સુંદરી. તથા ઇંદ્રરાજા તથા. ઇંદ્રરાજા તથા. કારતિક સ્વાંમી. વાગરે યોધાઓ.

તારકાસુર— (ગીતિ)

સિંહનાદ સુણ્યો છે દુષ્ટે, મનમાં ક્રોધ ઘણો ચડીયો.

આદી ઊપરથી કુદી, ઠેકડો મારી પૃથ્વી ઉપર પડયો.

તારકાસુર કે છે અરે મારા વાલા પ્રધાન રાક્ષસો. આ એકદમ જુલમ જુલમને જુલમ સો થયો. કારણ કે મારા રાજ ઉપર એકદમ સીંહનાદ કરી એવો કોણ મગજનો ફાટેલો યુદ્ધ કરવા સારૂ આવ્યો. માટે મારા વાલા રાક્ષસોની ભીતિ રાખતાં આપનું સૈન્ય તૈયાર કરસો. વાર લગાડસો નહી.

રાક્ષસો—જેવી મહારાજાની આગ્ના

તારકાસુર— (ક્ષત્રી કુલંક)

થાવો તમે સહુ તૈયાર. (દેવો સામુ અડી જવુરે)
માટે ન લગાડો કઇ વાર. (દેવો સામુ અડી જવુરે)
એ ઇંદ્રના શા છે ભાર. (દેવો સામુ)
નવ લગાડો કંઇ વાર. (દેવો સામુ)
મારી ઇંદ્રને લેવુ ઇંદ્રાસન. (દેવો સામુ)
મારૂ સત્ય માનો વચંન (દેવો સામુ)
એવા દુષ્ટને મારવા ઠાર. (દેવો સામુ)
જટ જલદી થાવો તૈયાર. (દેવો સામુ)

તારકાસુરે ત્યાં આગળ પોતાના પ્રધાનને આજ્ઞા આપી કહ્યું કે સૈન્ય તૈયાર કરો. વાર લગાડશો નહી.

પ્રધાન—બહુ સારૂ જેવી આજ્ઞા.

તારકાસુર—પોતાના મેલમાં પધાર્યો. ને પોતાની સ્ત્રી તારા સુંદરી. પાસે આવ્યો ને આવતામાં સ્ત્રીએ ખુરસી ગોઠવી દીધી. કે તેના ઉપર બીરાજમાન થયો

પછી કહેવા લાગ્યો કે. અહો પ્રીયા. મને યુધ્ધે જવાની આજ્ઞા આપો. ને હું ચાર દીવસમાં પાછો જય મેલવી આવુ છુ વાર લગાડીશ નહી. માટે સુખેથી તમારૂં અંતઃકર્ણ નહી દુખાતાં રજા આપસો.

તારાસુંદરી—હે સ્વાંમીનાથ મારા મુગટ મણી. આપ કહો છો તે ખરૂ છે. પણ દેવતાઓ અહીંયાં કપટ કરીને આવ્યા છે. ને તમામ સૈન્યના આગેવાન કારતિક સ્વાંમી થયા છે માટે હે મહારાજ મને કપટ ભાસે છે. માટે આપ યુધ કરવા પધારો. એ આપણને યોગ્ય નથી.

(જનુની જીવોરે ગોપીચંદની.)

તારાસુંદરી—સ્વાંમી સુણો મારી વીનતી, યુધે નવ જવાયજી
દેવ કપટ કરી આવીયા,
માટે લાગુ તમ પાયજી. (સ્વાંમી)

તારકાસુર—ત્રીયા કહુછુ હું તો તુજને, દેવોના સા છે ભારજી;
પ્રીયા રજા આપો મુજને,
નવ લગાડો કંઇ વારજી. (ત્રીયા કહુ)

તારાસુંદરી—યુધે જાવો છો સ્વાંમીજી, મારૂ માંનો આવારજી;
સંકરના પુત્ર તો આવીયા,
કાર્તિક્ક સ્વાંમી નીરધારજી. (સ્વાંમી)

તારકાસુર—કાર્તિક સ્વાંમી મને સુ કરે, નથી જોયા મુજ હાથજી

સાચુ કહુ છુ સુંદરી,
સાચી માનો મારી વાતજી. (ત્રીયા કહુ)

તારાસુંદરી—સ્વપ્ન અભ્યુ સ્વાંમી મારા, મુસ્તક ન મળે કેસજી;
ભયંકર ભોમી ભાસે મુને,
દેખાય ઉજડ આખો દેસજી. (સ્વામી)

તારકાસુર—રજા આપોની સુંદરી, ન લગાડો કઇ વારજી;
સૈન્ય તૈયાર થયુ આપણું,
મારૂ માંનો નીરધારજી. (ત્રીયા કહુ)

તારાસુંદરી—સ્વાંમી માંનો કહ્યું માહયરૂં, નાંનાં આપણા બાળજી.
હાથ જોડી કહુ તમોને,
ભજો ઘરે શ્રી ગોપાલજી (સ્વામી)
સ્વાંમી સુખેથી જાવો તમે આજ્ઞા આપુછુ આજજી;
દેવ સકલને જીતીને,
થસે તમારૂ સુભ કાજજી. (સ્વાંમી)

હે સ્વાંમીનાથ આપ સુખેથી પધારો ને તમારો સંગ્રામમાં જય થસે. એવી મારી આસીસ છે. એવું કહી. કરણુનો હાર તારકાસુરના કંઠમાં આરોપણુ કરી દીધો. ત્યાર પછી વીદાય કર્યો. એટલે તારકાસુર રજા લઇને. ત્યાંથી પોતાની સૈન્યામાં ખુસી થતો. હરખાતો આવી પોચ્યો ત્યાર બાદ પોતાનું સૈન્ય ચાલુ કર્યુ. એટલે રાક્ષસો આજ્ઞા લેઇ ચાલ્યા.

શક્ષસો—હે મારાજા અમો હવે કાર્તીક સ્વાંમીની સૈન્યમાં
ટુટી પડીસુ માટે આપ નીરભે થકી રહો ફીકર
કરસો નહી.

તારકાસુર—જે વખતે યુધમાં જવા સારૂં નીકળ્યો. તે વખે
એને માન સુકન થવા લાગ્યા. એથી એના મનને ભય
પ્રગટ થયો.

(આ કયાંથી સંભળાય.)

માન સુકન મુને થાય, અરે પ્રભુ માન સુકન મુને થાય.
સ્વાન સહનમાં રાગ કરે છે. મન મારૂ ગભરાય. (અરે પ્રભુ)
કાગ સીયાળવાં ભયંકર બોલે ચીત વ્યાકુલ થાય. (અરે પ્રભુ)
સુર્ય રક્ત વર્ણુ ભાસે, સર્પ દક્ષણુ આડા જાય. (અરે પ્રભુ)
ભુમી ભયંકર ભાસે મુજને, જીવને થરરર થાય. (અરે પ્રભુ)
પ્રભુએ ધાર્યુ હસે તે થાસે, પાછો ન ધરવો પાય. (અરે પ્રભુ)
બ્રંહ્માએ મુને વરદાન આપ્યું, ઇંદ્ર સું કરસે ત્યાંય (અરે પ્રભુ)
વરદાન પાંમી બલ વધ્યુ છે, યુધ કરૂ રણુમાંય (અરે પ્રભુ)
અપસોસ કરે નથી વરવાનું, લડાઇ મચાવું જ્યાંય. (અરે પ્રભુ)
પ્રધાન પ્રતે કહેવા લાગ્યો. ટુટી પડયો સેન્યામાંય. (અરે પ્રભુ)

અરેરે પ્રભુ હાય હાય આ સ્વાન. રૂવે તે. ખોટા રાગ
કરે છે. સીયાળવાં તથા. કાગડાઓ અસબ્દો કરે છે. તેથી
મારૂ મન ગભરાય છે. સુર્ય રકત વરણુ ભાસે છે. સપ
દક્ષણુ દીસાઓમાં આડા ઉતરે છે. ને આ તમામ પૃથ્વી.

ભયંકર ભાસે છે. ને આતમા મરણુ ભુમીની પૃથ્વી મને ખાવા ધાય છે. કારણુ કે પ્રથમથી મને પ્રીયાએ ના કહી હતી. પણુ મે માન્યું નહી. એ વાત ખરી પડી પણુ હવે પગ પાછો ધરે ફાવનાર નથી. કારણુ કે મારી કીર્તી થાય. ને મને બ્રંહ્માએ વરદાન. આપ્યુ છે. જેથી મને ઇંદ્રરાજા. સુ કરનાર છે. માટે એવુ કહી. ને એકદમ સત્રુનુ સૈન્ય હતુ તેમાં તુટી પડયો.

તારકાસુર— (ક્ષત્રી કલંક.)

સુણુ ઇંદ્ર તુતો આવાર. (હવે તો તારૂ આવી પોચ્યુ રે.)
તારી સ્રોને નસાડુ નીરધાર. (હવે તો)
નથી જોયા તેં મારા હાથ. (હવે તો)
મારા સાંમી ભીડી બાથ. (હવે તો)
તારા જેવા નીરબલ આજ. (હવે તો)
ન આવી તુજને લાજ. (હવે તો)
મારી ઘર થકી કાડયા બાર (હવે તો)
ન લગાડીસ હાવે વાર. (હવે તો)
દુષ્ટ જલદી થા તેયાર. (હવે તો)
સીંહનાદ કરૂ છુ આવાર. (હવે તો)

ઇંદ્રરાજા તું તથા. કારતીક સ્વાંમી. બેઉ જણુ મારા સામા સુખે તૈયાર થઇ જાવ. કારણુ કે તારા જેવા નીરબલ. અને વરી નીરલજ આ દુનીઆમાં જોવામાં આવ્યા નથી.

પણ મારૂં પ્રાક્રમ આજ તને દેખાડુ છું. ને તારી ઇંદ્રાણીઓ ને સ્વર્ગનું રાજ છોડીને નસાડી મુકુ છું. ને આજ તુ ઘેર જાય તેમ મને લાગતુ નથી. માટે હે દુષ્ટ ઇંદ્રરાજા તારૂં પરાક્રમ આજ મને બતાવ્ય નહી તો પછીથી. તારો પરાજ્ય કરીને તારા ઇંદ્રાસનનું રાજ હું ભોગવનારો છું. માટે તું ચેત. હવે તારૂ ઊગરવાનું નથી. ને તારો બચાવ થવાનો નથી.

ઇંદ્રરાજા કહે છે— (ક્ષત્રી કલંક)

સુણ સુણ દુષ્ટ આવાર. (હવે તો તને સીધો કરૂરે.)
દુષ્ટથા નીજંટ તૈયાર. (હવે તો તને)
હું રાક્ષસને સોધુ આજ. (હવે તો તને)
નથી જોયા તે મારા હાથ. (હવે તો તને)
જ્યારે કાઢીસ તારૂ મુળ. (હવે તો તને)
તારૂ સરવે કરૂ ધુળ. (હવે તો તને)
માટે ન લગાડીસ કંઇ વાર. (હવે તો તને)
તારા ઇષ્ટ દેવને સંભાર. (હવે તો તને)
સાંમા સાંમી થયો વાદ. (હવે તો તને)
સમસેર લઇ પડયો સાદ. (હવે તો તને)
એમ કહીને કર્યો સીંહનાદ. (હવે તો તને)
ત્યારે હોલાસે મારી દાજ. (હવે તો તને)

હે તારકાસુર દુષ્ટ ચંડાલ તુ મારા સાંમો યુદ્ધ કરવા

સારૂ સત્વર તૈયાર થઇજા. કારણ કે તારી સ્ત્રીના ભેગે. ફરીથી થવાનો નથી. માટે વાર લગાડીસ નહી. ને તારે માથે તારો ઇષ્ટ દેવ જે હોય તેને સંભાર્ય. કે જેથી તારૂ મૃત્યુથી બચાવ થાય. માટે હે દુસ્ટ કર્મ કરનારા તું મારા હાથનો જપાટો જો એવુ કહી યુધનો આરંભ કર્યો.

કાર્તીક સ્વાંમી— (ગીતિ)

કાર્તીક સ્વાંમી તાક છે, દુષ્ટ તઇયાર થાતુ આવારે.
હવે ન મુકુ જીવતો, તુજ ઇષ્ટ દેવને હવે સંભારે.

અરે દુષ્ટ એકદમ યુધ કરવા સારૂ મારા સાંમો તઇયાર થઇ જા એટલે તારકાસુર પોતાની સૈન્ય લેઇને સાંમાં થયો.

તારકાસુર— (સુતા સુરે આંહી.)

સત્વર તૈયાર થાવો સત્વર તૈયાર થાવો ભાઇરે
હાથે લ્યોની ધનુસબાણ. (સત્વર તૈયાર)
ઇંદ્ર આસુ આજજ અડવું ન કરવો વિચાર
દુષ્ટને મારો માર. (સત્વર તૈયાર)
એટલામાં તો રાક્ષસ ઊડયા દેવા માંડયો મારા
ન લગાડી વાર (સત્વર તૈયાર)
હવે આવ્યા સંકર પુત્ર કહુ છુ તુજને આજ
સું કરવા આવ્યો કાજ. (સત્વર તૈયાર)
જો જીવ્યાનો ખપ કરે તો. અહીથી નાસી જાની.
સત્ય કહુ છુ વાચાય. (સત્ય તૈયાર

એટલે એકદમ તારકાસુરનું તમામ સૈન્ય તુટી પડયું ને સાંમા સાંમી યુધ મંડાયુ.

કાર્તીક સ્વામી—પોતે કહે છે.

કાર્તીક સ્વાંમી— (ક્ષત્રી કલંક.)

સુણુ દુષ્ટ આણીવાર. (રણુમાં તને ઠાર કરૂરે)
તારા ઇષ્ટ દેવને સંભાર. (રણુમાં તને ઠાર કરૂરે)
શ્વાન પુઠે ભસેસુ થાય. (રણુમાં તને ઠાર કરૂરે)
કહુ મુખથી સત્ય વાચાય. (રણુમાં તને ઠાર કરૂરે)
એવુ કહીને ખેચી તલવાર. (રણુમાં તને ઠાર કરૂરે)
નહી બચે તારા પ્રાણુ. (રણુમાં તને ઠાર કરૂરે)
કાર્તીક સ્વામીને ચડી રીસ (રણુમાં તને ઠાર કરૂરે)
જટ દુષ્ટનુ છેદુ સીસ (રણુમાં તને ઠાર કરૂરે)
દેવે પુષ્પની વૃદ્ધી કરી ત્યાંય (રણુમાં તને ઠાર કરૂરે)
જય જય સબ્દો થાય. (રણુમાં તને ઠાર કરૂરે)

એકદમ સામા સામી યુદ્ધ કરીને તારકાસુરનુ મુસ્તક તલવારથી કાર્તીક સ્વામીએ છેદી નાંખ્યુ એટલે દેવોએ પુષ્પની વૃષ્ટી કાર્તીક સ્વામી ઉપર કરી ત્યાર બાદ બાકીના રહેલા દૈત્યો પ્રથ્વીમાં સમાયા ને ત્યાંથી તમામ દેવ માત્રે કારતીક સ્વામીને સંગાથે લાવીને કૈલાસમાં આવ્યા ને સંકરને નમૃતા પુર્વક બ્રંહ્મા, વીશ્નુ, ઇદ્રચંદ વીગેરે દેવોએ સંકરની પ્રાર્થના કરી કારતીક સ્વામી સંકરને સોંપી દીધાકે

માહારાજ આ પુત્ર તમારા હ્યો ને રાક્ષસનો પરાજય કરીને તમામ દેવોનું દુખ મટાડયુ એવુ કહી સંકરની સ્તુતી કરી.

દેવો (કલ્યાણ)

સીવજી તમે સહુ વડીએ અમે
દાસ સહુ તમ તણા પાયતો નમે. (સીવજી)
સરવે દેવો અમે કહીએ થયુછે સુભ કામ.
આપણી રજા લેઇ જઇએ અમારા ધામ. (સીવજી)
સર્વે સભાને વીનવીને ગાઉ બેઉ કરજોડ.
સર્વે જણુ જય જય બોલો પોચે સર્વે કોડ (સીવજી)

ॐकार स्वरुपे श्री पंचायतन सदगुरु परमात्मानी आरती लखी छे.

॥ (ગુરૂ) જયજય સદ્દગુરૂ દેવ, પ્રણુવ સ્વરૂપ મૂર્તી. (૨)
॥ પ્રીતે આરતી ગાઉ (૨) પંચાયત મુર્તી. ॥જયજય॥ ટેક॥
॥ ગુરૂ આદીકારણુ ઇસ, ધી પ્રેરક ઢુંઢી ગુરૂ (૨)
॥ સગુણુ નિર્ગુણુ રૂપ (૨) હૃદવાસિત ઢુંઢી ॥
॥ સ્વાનંદે પરમાનંદ, સિદ્ધિપતી ઢુંઢી. ગુરૂ (૨)
॥ દુર્વા પ્રિય લંબોદર (૨) સચ્ચિદાનંદ ઢુંઢી જયજય ॥૧॥
॥ (ગુરૂ) શિવહર શિવહરસંકર, ઇંદુ ધર શંભો ગુરૂ (૨)
॥ માયા ધર ગંગાધર (૨) મદનાંતક શંભો ॥
॥ અદ્વૈતવાસી ત્ર્યંબક, કૈલાશી સંભો ગુરૂ (૨)
॥ વૃષ આસન હલાહલ (૨) પાન કરા શંભો. જયજય ॥૨॥

॥ (ગુરૂ) વૈકુંઠ ધિપ માધવ, પીતામ્બર વિશ્નુ. ગુરૂ (૨)
॥ કમલાધર ગુરૂડાસન (૨) નારાયણ વિષ્ણુ ॥
॥ ત્રીસમપદ ગોવરધન, ક્ષીરવાસો વિષ્ણુ ગુરૂ (૨)
॥ વાસુદેવ ગોપાલક (૨) ગોવિંદ મુલ વિષ્ણુ જયજય ॥૩॥

॥ (ગુરૂ) ઉદયાચલ શિખરાગ્રે, પ્રકાસ કરભાનુ ગુરૂ (૨)
॥ આત્મા સ્વાત્મા દેવ (૨) સવિતા શ્રી ભાનુ ॥
॥ સત્ પદતિ મીરહંતા, ભાસ્કર શ્રી ભાનું ગુરૂ (૨)
॥ આદીત્ય પરમાલ્હાદ, (૨) જ્ઞાન સુતે ભાનું જયજય ॥૪॥

॥ (ગુરૂ) જયદેવી ગુણ જનની પ્રણવાત્મક દુર્ગા ગુરૂ (૨)
॥ ત્રિગુણાતીત ત્રિએકા (૨) સર્વેશ્વરી દુર્ગા ॥
॥ પતીત પાવનિઅંબા, બુદ્ધિ રૂપ દુર્ગા ગુરૂ (૨)
॥ ત્વંતત્ પદ જગદંબા (૨) પૂર્ણાનંદ દુર્ગા ॥ જયજય॥૫॥

॥ પંચાયતસ્વરૂપની આરતી થઇ રહયા પછી સંકર પાસે દેવોએ વીદાયગરી માગી દેવો માત્ર સરવે પોત પોતાના સ્વસ્થાનોમાં પધારી ગયા સંકર તથા પાર્વતી કૈલાસમાં રહયાં શ્રીરસ્તુ કલ્યાણ મસ્તુ સુભંભવતુ શ્રી માહાદેવજી પ્રસંન્નોસ્તુ શ્રી ગજાનંદ પ્રસંન્નોસ્તુ સત્ય છે.

(વ્યારા ગામનો રસીક માઢ)

જુવો વ્યારા સારૂ રંગે રૂપાળું સુ કહુ તમોને આજ
વ્યારા ગામના મુખી પટેલ, નાથાભાઇ કેવાય
ધન્ય એમની ઇજત આબરૂ, ચુકવે સારો ન્યાય જુવો વ્યા.
ધન્ય એમનાં માતપીતાને, પુત્ર સુપાત્ર કહેવાય
સારી ઇજત મેળવી એમણે વધારી પ્રતીષ્ટાય જુવો વ્યા.
નાના પ્રકારનો પ્રજા ઉપર પોતે રાખેછે પ્રેમ.
પ્રજા પણ કેલવાઇ સારી સરવે વરતે છે તેમ જુવો વ્યા.
પુન્યની ઉપર નીષ્ટા સારી ઉપગાર કરવા ચાય.
ઉપગારની વાત જાણે પોતે વેલા ત્યાંતો જાય. જુવો વ્યા.
બ્રંહ્મ દેવોની આશીષ એછે સારૂ વધો ઘર સુત્ર.
પ્રભુએ એમને રતન દીપક આપ્યો છે એક પુત્ર. જુવો વ્યા.
અમારીતો આસીસ એછે જીવો ક્રોડ વરીસ.
પ્રભુને વારેવારે કહીએ નમાવીને શીશ જુવો વ્યા.
ઇશ્વર એમનુ કલ્યાણ કરજો નાના પ્રકારે કરે પુન્ય.
પ્રભુ સમરણમાં ચીત જેનુછે બાકી ન રહી પુન્ય જુવો વ્યા.
દીવાની ફોજદારી કચેરીમાં અધીકારીઓ જેહ.
જયાં આગળ પોતે પધારે માન્ય બહુ આપે તેહ. જુવો વ્યા.
બાર આમો એમનાં પ્રાવે વીસ્તારી કહુ સાર
વારા કરષરા ઢોલાર છે વસાઇ નીરધાર જુવો વ્યા.

૧ (કોઇને ખોટુ વચન નવ કહાડે જુઠુ ન બોલે આપ)
ખુનવાડ કંટેસર લઢોદ માંકણીને જંબુગામ
થરવાસા માંજરોલ ને ખાંનદેશ બોરદનામ જુવો વ્યા.
પોતાની જ્ઞાતીમાં પોતે પધારે સહુ દે આદરમ્યાન.
સામા સાંમો ન્યાય ચુકાવે સારૂ પામે છે માન જુવો વ્યા.
૨ ॥ જરી ધ્વેસ પોતાના કર્યાં સહુનુ રાખેછે માપ ॥ જુવો વ્યા
ગુણુ ગંભીર સ્વભાવસો થોડુ બોલવુ જાણુ
ચાલવુ થોડુ બોલવુ ધીરૂ સાચી કહુછુ વાણુ. જુવો વ્યા.
મહેતા અમારા ગામના પોતે બહુ ગુણુવાન.
ઘણા વરસથી વ્યારામાં આવ્યા સારૂ એમનુ માન. જુવો વ્યા.
ઉઘરાતદાર નાથાભાઇ કાવે જેઠાભાઇ ગુણુવાન.
બાપુ છીતા ગોવીંદભાઇ ડાહયા મહા યસવાન. જુવો વ્યા.
વણીક જ્ઞાતીમાં લાલભાઇ પીતા જેઠાભાઇ નામ.
ઇશ્વરે બુદ્ધી સારી આપી મેળવ્યુ ઘણુમાન જુવો વ્યા.
વસ્તી વાડી એમની વધજો સરવે રહો સુખવાન
પ્રભુને હુ અરજ કરૂ ઇશ્વર કરજો કલ્યાણુ જુવો વ્યા.
વ્યારા ગામમાં હું રહુછુ નજીક મુખીની પાસ.
કરજોડી વીનવુ સહુને હાથ જોડી કહેદાસ જુવો વ્યા.

સમાપ્ત

